જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । ગુરુવાર । તા. ૦૩-૦૧-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

રાફેલ ડીલ પર કૉંગ્રેસનો ઑડિયો બોમ્બ: 'ફાઇલો પર્રિકરના બેડરૂમમાં'

ચોકીદારોના પ્રતિનિધિમાં રક્ષામંત્રી સામેલ નહોતા પરંતુ અનિલ અંબાણી સાથે ગયા હતા: કોંગ્રેસ

'સેટિંગ' કરેલા ઈન્ટરવ્યૂમાં પણ રાફેલ પર ન બોલી શક્યા પીએમ મોદી: રાહુલ

લોકસભામાં રાફેલ મુદ્દા પર બોલી રહેલ રાહુલે પોતાની શરૂઆત ગૃહમાં નવા વર્ષની શુભેચ્છા પાઠવી કરી હતી. રાફેલ પર બોલતા રાહુલે કહ્યું કે મેં ગઈકાલે વડાપ્રધાનનો ઈન્ટરવ્યૂ જોયો જેમાં તેઓ કહી રહ્યા હતા કે રાફેલ પર તેમને કોઈ પ્રશ્ન પૂછાયો નથી. પરંતુ હું કહેવા માંગીશ કે આખો દેશ રાફેલને લઈ વડાપ્રધાનને પ્રશ્ન પૂછી રહ્યું છે. વિપક્ષના નેતા હોવાના નાતે હું જાતે તેમને પ્રશ્ન પૂછી રહ્યો છું.

તે સમયના રક્ષા મંત્રી મનોહર પર્રિકરે ખુદ કહ્યું હતું કે મને આ ડીલ અંગે કોઈ આઈડિયા નથી. મારો પ્રશ્ન છે કે શું વાયુસેના સાથે વાત કર્યા વગર રાફેલનો સોદો બદલાઇ ગયો? પીએમ મોદીએ ફ્રાન્સ જઈ ત્યાંના રાષ્ટ્રપતિ સાથે મળી તેમણે રાફેલ સોદો બદલી નાંખ્યો.

ન્યુ દિલ્હી

રાફેલ ડીલ પર એક ઑડિયો ક્લિપના સહારે કૉંગ્રેસ પાર્ટીએ ફરી એકવખત સરકાર પર પ્રહારો કર્યા છે. કૉંગ્રેસે દાવો કર્યો છે કે ગોવાના મંત્રીમંડળમાં પૂર્વ રક્ષા મંત્રી અને હાલના સીએમ મનોહર પર્રિકરે રાફેલ ડીલના રહસ્ય પર કેટલીક અગત્યની માહિતીઓ આપી હતી. જો કે તેમના જ મંત્રી વિશ્વજીત રાણે સાથે કરેલી વાતચીતમાં હવે કેદ છે. કૉંગ્રેસ પ્રવકતા રણદીપ સુરજેવાલાએ પોતાના દાવાને પુરાવા તરીકે રજૂ કરવા ગોવાના સ્વાસ્થ્ય મંત્રી વિશ્વજીત રાણેની વાતચીતની એક ઑડિયો ક્લિપ પણ સંભળાવી.



ઑડિયોમાં સંભળાય છે, 'મુખ્યમંત્રીએ મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે કે રાફેલ પર સંપૂર્ણ માહિતી તેમના બેડરૂમમાં છે.' તેના પર બીજી વ્યક્તિ હસી પડે છે. એટલું જ નહીં ક્લિપમાં સંભળાય છે કે, 'તમે આ વાતને કોઈની પણ સાથે ક્રોસ ચેક કરાવી શકો છો જે કેબિનેટ મીટિંગમાં સામેલ રહ્યાં હોય. તેમણે (સીએમ) કહ્યું છે કે દરેક દસ્તાવેજ તેમના રૂમમાં છે.'

સુરજેવાલાના આ દાવાથી રાફેલ મુદ્દો ફરી એકવખત ગરમ થયો છે. ધ્યાનમાં લેવા જેવી વાત એ છે કે આ સમાચાર એવા સમયે આવ્યા છે જ્યારે આજે જ સુપ્રીમ કોર્ટમાં રાફેલ મુદ્દા પર સુપ્રીમ કોર્ટના નિર્ણય પર પુનર્વિચાર અરજી દાખલ કરાઇ છે. કૉંગ્રેસ પાર્ટીએ પોતાના નિવેદનમાં કહ્યું, 'ગોવાના મંત્રીની વાતચીત પરથી સ્પષ્ટ થાય છે કે પર્રિકરે કથિત રીતે કહ્યું કે કોઇ તેમનું કંઇ કરી શકશે નહીં અને રાફેલની તમામ ફાઇલો તેમની પાસે છે.'

દેશનું દુર્ભાગ્ય છે કે સૌથી જૂની પાર્ટીના નેતાને રાફેલ જેટ વિશે ખબર નથી: જેટલી

બીજીતરફ કેન્દ્ર સરકારનો બચાવ કરતા નાણા મંત્રી અરુણ જેટલીએ જણાવ્યું કે કેન્દ્ર સરકારે રાફેલ સોદા મુદ્દે યોગ્ય પ્રક્રિયાનો અમલ કર્યો છે અને રાફેલ ડીલ દેશની સુરક્ષા માટે ખૂબજ જરૂરી હતી. યુપીએ સરકારે આ સોદો નહીં કરીને દેશની સુરક્ષા સાથે રમત રમી છે. આ ઉપરાંત જેટલીએ જણાવ્યું કે બોફોર્સ અને નેશનલ હેરાલ્ડમાં કોંગ્રેસનો ભ્રષ્ટાચાર જગજાહેર છે. કેટલાક લોકો માટે યુદ્ધ વિમાન કરતા નાણાં વધુ મહત્વના હોય છે. જેટલીએ સીધી રીતે કોંગ્રેસ પર નિશાન સાધીને આડેહાથ લીધી હતી. કેન્દ્ર સરકારના બચાવમાં ઉતરેલા જેટલીએ ચર્ચા દરમિયાન કોંગ્રેસ અધ્યક્ષને આડેહાથ લીધા હતા. જેટલીએ જણાવ્યું કે રાફેલ સોદામાં ઓફસેટનું બજેટ ૨૯,૦૦૦ કરોડ છે અને કુલ સોદો ૫૮,૦૦૦ કરોડનો છે. જો કે વિમાનોની ડીલ પણ બે પ્રકારના છે.

કરેળમાં બે મહિલાના દર્શન બાદ ફરીથી હિંસક દેખાવો

ભાજપના નેતૃત્વમાં ઘણા હિન્દુ સંગઠનો દ્વારા આજે બંધની હાકલ કરાઈ : અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવાઈ

થિરુવંતનપુરમ

કેરળના સબરીમાલા સ્થિત ભગવાન અયપ્પાના મંદિરના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા છે. મોડેથી મંદિરના કપાટ ફરી ખોલવામાં આવ્યા હતા. બે મહિલાઓએ દાવો કર્યો હતો કે, આજે સવારે મંદિરમાં પ્રવેશ કરીને ભગવાનના દર્શન કર્યા હતા. આ પ્રકારના દાવા બાદ શુદ્ધિ માટે મંદિરના દ્વાર બંધ કરી દેવામાં આવ્યા હતા. મહિલાઓના દાવા બાદ સબરીમાલામાં ફરી એકવાર વિસ્ફોટક સ્થિતિ ઉભી થઈ ગઈ છે. જોરદાર વિરોધ પ્રદર્શનની શરૂઆત થઈ ચુકી છે. ભાજપના નેતૃત્વમાં હિન્દુ સંગઠનો દ્વારા આવતીકાલે ગુરુવારના દિવસે સવારથી સાંજ સુધીના બંધની હાંકલ કરી છે. આજે સબરીમાલા કર્મા સમિતિએ અનેક જગ્યાઓએ નાકાબંધી કરી હતી અને તોડફોડ કરી હતી. ઈર્નાકુલમમાં હિંસા ભડકી ઉઠી હતી. ભાજપના કાર્યકરો દ્વારા ઈર્નાકલમમાં દેખાવો કરવામાં આવ્યા હતા. આ ગાળા દરમિયાન હિંસા ભડકી ઉઠી હતી. કાર્યકરોએ કેએસઆરટીસીની બસ ઉપર જોરદાર પથ્થરમારો કર્યો હતો જેના કારણે ડ્રાઇવરને ઈજા થઈ હતી. ઈર્નાકુલમમાં પોલીસે બે લોકોને પકડી પાડ્યા હતા. પોલીસે કહ્યું છે કે, વધુ કેટલાક લોકોની ધરપકડ કરવામાં આવનાર છે. દેખાવકૂચ અને ધરણા પ્રદર્શનનો દોર યથાવતરીતે જારી રહ્યો હતો. અનેક જગ્યાઓએ ભાજપ, સબરીમાલા કર્મા સમિતિ, કેએસયુ અને યુવા મોરચા દ્વારા ધરણા પ્રદર્શન યોજવામાં આવ્યા હતા. પોલીસે યુવા મોરચાના રાજ્યના સેક્રેટરી સંદિપ વોરિયરની ધરપકડ કરી હતી.

ચાઈલ્ડ પોર્નોગ્રાફી,ખોટા સમાચાર ફેલાવતી એપ-સાઈટ પર તુરંત કાર્યવાહી થશે

ન્યુ દિલ્હી

મોદી સરકારે આઇટી એક્ટમાં ફેરફાર કરવાની પૂરી તૈયારી કરી લીધી છે, જો કે સંશોધિત આઇટી એક્ટ ક્યારથી લાગૂ થશે એની કોઇ જાણકારી નથી પરંતુ એના લાગૂ થયા બાદ મોબાઇલ એપ અને વેબસાઇટની સમસ્યા વધી જશે. રિપોર્ટ પ્રમાણે ચાઇલ્ડ પોર્નોગ્રાફી અને ખોટા સમાચારને ફેલાવતી એપ અને સાઇટ પર તરત કાર્યવાહી થશે અને એમને તત્કાળ પ્રભાવથી બંધ કરી દેવામાં આવશે.

નવા નિયમ પ્રમાણે જો કોઇ મોબાઇલ એપ અથવા વેબસાઇટ આઇટીએક્ટના નિયમોનું ઉલ્લંઘન કરતાં પકડાય છે તો એમની ઉપર ૧૫ કરોડ સુધીનો દંડ અથવા સમગ્ર દુનિયામાં થતી કમાણીના ૪ ટકા દંડ ફટકારાશે. તો બીજી બાજુ આઇટી એક્ટ ૬૯છ હેઠળ સરકાર કોઇ પણ વેબસાઇટ અને એપને બંધ કરવાનો આદેશ આપી શકે છે.

જણાવી દઇએ કે ગત સપ્તાહે જ આ મામલાને લઇને એક બેઠક થઇ હતી જેમાં સાઇબર લો ડિવીઝન, IT મંત્રાલય, ઇન્ટરનેટ સેવા પ્રોવાઇડર સંઘના એક અધિકારી, ગૂગલ, ફેસબુક, વોટ્સએપ, એમઝોન, યાહૂ, ટ્વિટર, શેરચેટ અને સેબીના પ્રતિનિધિઓ સામેલ હતા.

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીયેશનથી મગજ, કાન, આંખ, ગળા, હૃદય ને થતાં નુકસાનથી બચવાની એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઈલ પર લગાડી આપ રોગ મુકત રહો તેમજ તેના બિઝનેસમાં એજન્ટ બની ઓછા રોકાણથી મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથિ વધુ કમાવા ફોન કરો. (કોઈપણ પ્રકારનું સેલ્સ-માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઈલ રીપેરીંગ કરનાર, પ્રિ-પેડ સિમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો મોબાઈલ એન્ટી રેડિએશન ચિપ વેચી વધુ કમાવા અચૂક ફોન કરે)

MARKET4U
BHARUCH - SURAT
market4u.in
7575006850
ZAVERI

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં જોડાઈ ઓળખપત્ર મેળવી સમાજસેવા કરવા આધાર પુરાવા સાથે જોડાવા રૂબરૂ મળો અથવા ફોન કરો

75750 06850

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટના સભ્યોએ જનસેવા અને જન સુખાકારી માટેના કાર્યો કરવાના રહેશે.

(૧) લોકજાગૃત્તિના કાર્યો જેમ કે ગરીબ કે મધ્યમ વર્ગને મળતું રાહત દરના અનાજની યોગ્ય વહેંચણી. બીપીએલ/એપીએલ કાર્ડની યોગ્ય ફાળવણી અને જરૂર જણાય સરકારમાં રજુઆતો કરવી.
(૨) રસ્તા અને શહેરની સફાઇનું અમલીકરણ, કચરાનો યોગ્ય સમયે યોગ્ય સ્થળે નિકાલ.
(૩) બાગ-બગીચાની સારસંભાળ.
(૪) શાળાઓ દ્વારા રાઇટ ટુ એજ્યુકેશનના અમલીકરણ, શાળામાં રમત-ગમતનું મેદાન હોવું જરૂરી. છોકરા-છોકરીની અલગ મૂતરડી હોવી ફરજીયાત. ફાયર-ફાઇટીંગના સાધનો ફરજીયાત હોવા જરૂરી. ડોનેશન પ્રથા નાબુદી. ગણવેશ, ચોપડા ખરીદી પર થતા વેપારને રોકવો. વિષયો પ્રમાણે ક્વોલિફાઇડ શિક્ષકો હોવા. વિગેરે બાબતોનું ધ્યાન રાખી રખાવી શિક્ષણ વ્યવસ્થા સુધારવી.
(૫) જનારોગ્ય વિશે જાગૃત્તિ દ્વારા સરકારી યોજનાઓની નાગરિકોને જામ કરવી. આવી સરકારી યોજનાઓનો લાભ ગરીબ મધ્યમ વર્ગને આપવામાં મદદરૂપ થવું જરૂર જણાય સરકારમાં રજુઆત કરવી. ઇન્દિરા આવાસ, સરદાર આવાસ જેવી યોજનાઓમાં યોગ્ય ફાળવણી કરાવવી.
(૬) રક્તદાન, આંખોનું દાન, અંગદાન વિશે જાગૃત્તિ લાવી પ્રેરણા પુરી પાડવી.
(૭) સમાજમાં ભાઇચારા અને વિશ્વબંધુત્વની લાગણીનો વિકાસ કરવો. સમાજ અને દેશ પ્રતિ નિષ્ઠા કેળવવી.
(૮) વાતાવરણ વૃક્ષની જાળવણી અને પર્યાવરણની જાણવણી કરવી-કરાવવી.
(૯) ચૂંટણી સમયે યોગ્ય પ્રતિનિધિની વરણી કરવી. યોગ્ય સરકારની રચનામાં મદદરૂપ બનવું.
(૧૦) નાગરિક ઘડતરના કામમાં તત્પર રહેવું. નાગરિકની આવક વધે તેવા સેવા કાર્યો કરવા. વિધવા સહાય જેવા સરકારી યોજનાઓનું યોગ્ય અમલીકરણ કરાવવું. આપત્તિ સમયે એક જુથ થઇ સમાજ અને દેશને મદદરૂપ થવું વિગેરે કાર્યો કરવા તેમજ કરાવવા.

: જોડાવવા માટેની જરૂરી વિગતો :
નામ, સરનામું, પિનકોડ, જન્મ તારીખ, સ્ત્રી-પુરૂષ, બેંકનું નામ, બેંક ખાતા નંબર, આઇ.એફ.એસ. કોડ, પાન કાર્ડ નંબર, મોબાઇલ નંબર, વારસદારનું નામ, વારસદાર સાથેનો સબંધ.

Parag SAREES & DRESS MATERIALS

આવતી કાલે રવિવારે શોરૂમ ખુલ્લો રહેશે

સેલ 30% ડિસ્કાઉન્ટ

3 સાડી નેન્સી ₹330
3 સાડી ઓલબેલી બ્લાઉઝ સાથે ₹450
3 કોટન ડ્રેસ મટીરીયલ દુપટ્ટા સાથે ₹999

પરાગ હાઉસ, ઉધના દરવાજા, રીંગ રોડ, સુરત. Mo. : 98251 00702

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન ગુજવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. શરૂઆતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનની બાકીના રૂપિયા કામ મુજબ ચૂકવેલ સભ્યપદમાંથી ચુકવવા જશો, જે માટે સાથે દસ્તાવેજ ફોટક પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકત્રિત થનાર મોબાઈલ આવતા કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૧૭૫૦/- (ઓટો મોડથી કપાશે)
આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો.
જેના માટે આપે શરૂઆતમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
બીજા છે વર્ષ માટે ૩૦૦૦/- (ઓટો મોડથી કપાશે)
આપનો કોડ બીજા છે વર્ષ માટે રીન્યુ કરી શકશો.
જેના માટે આપે શરૂઆતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	100/-	1st	750/-
2nd	70/-	2nd	500/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
Total	290/-	Total	1850/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોષ મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

શિક્ષણ રાજ્યમંત્રી વિભાવરીબેન દવેનો ભાવનગરનો પ્રવાસ કાર્યક્રમ

ભાવનગર;શિક્ષણ રાજ્યમંત્રી વિભાવરીબેન દવે નો ભાવનગરનો પ્રવાસ કાર્યક્રમ ગોઠવાયેલ છે. તદ અનુસાર તેઓ તા. ૦૩ ના રોજ સવારે ૧૦/૦૦ કલાકે ભાવનગરના મોતીબાગ પાસે આવેલ અટલ બિહારી બાજપાઈ હોલ ખાતે ગરીબ કલ્યાણ મેળો વર્ષ ૨૦૧૮-૧૯ અંતર્ગત લાભાર્થીઓને સહાય વિતરણ કાર્યક્રમમાં હાજર રહેશે અનુકુળતાએ ભાવનગરથી વેરાવળ જવા રવાના થશે.

તેઓ તા. ૦૫ ના રોજ સવારે ૦૮/૩૦ કલાકે ભાવનગરના સીદસર રોડ રાજપથ પાર્ટી પ્લોટની બાજુમાં આવેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે યોજાનારા રમશે ગુજરાત જીતશે ગુજરાત કાર્યક્રમ અંતર્ગત ખેલ મહાકુંભ સમાપન સમારોહ તેમજ મલ્ટીપર્પઝ સ્પોર્ટ્સ ઈન્ડોર હોલનું લોકાર્પણ અને ૬૯ મી સિનિયર નેશનલ બાસ્કેટબોલ ચેમ્પિયનશીપનો શુભારંભ કાર્યક્રમમાં હાજર રહેશે, ૧૬/૦૦ કલાકે તરસમીયા પ્રાથમિક શાળા ખાતે રૂવા તરસમીયા તથા અકવાડા ગામનું વોટરલાઈન નેટવર્કનું ખાતમુહુર્ત કાર્યક્રમ,૧૭/૦૦ કલાકે દક્ષિણ સરદારનગર વોર્ડમાં રસ્તાઓના કામનું ખાતમુહુર્ત કાર્યક્રમ, ઘોઘારોડથી શિવપાર્ક સુધીનો પાકો રસ્તો બનાવવો, ઘનશ્યામનગર પ્રાથમિક શાળાની પાસેથી પસાર થતા રોડ પેવર રોડનું ખાતમુહુર્ત કાર્યક્રમમાં હાજર રહેશે, ૧૭/૩૦ કલાકે રૂવા તરસમીયા તથા અકવાડા વોટર લાઈન નેટવર્કના ખાતમુહુર્ત કાર્યક્રમ સંદર્ભે રૂવા તથા અકવાડા ગામના લોકો સાથે મુલાકાત.

તા. ૦૬ના રોજ સવારે ૯/૦૦ કલાકે રૂવા ખાતે ટી. પી. સ્કીમ નં. ૦૩ એફ. પી. નં. ૧૧૨ અખિલેશ સર્કલ રૂવા ખાતે યોજાનારા કોમ્યુનીટી હોલના ખાતમુહુર્ત કાર્યક્રમમાં હાજર રહેશે અનુકુળતાએ ગાંધીનગર જવા રવાના થશે તેમ માન. મંત્રીના એ. પી. એ. નિતેશ પટેલ મો. નં. ૯૮૨૪૦૨૧૪૯૨/ ૮૭૮૦૯૮૧૪૩૯ ના ઈમેઈલ સંદેશામાં જણાવવામાં આવ્યુ છે.

વન ટાઈમ ફી ભરીને લાયસન્સ-પરવાનગી ચાલુ રાખી શકાશે: સીએમ રૂપાણી

ગાંધીનગર

મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ રાજ્યમાં શોપ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એકટ-ગુમાસ્તા ધારા અન્વયેના એકમો માટે ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસનો અભિગમ અપનાવતાં એક મહત્વપૂર્ણ સૈદ્ધાંતિક ઐતિહાસિક નિર્ણય કર્યો છે. રાજ્યમાં વેપાર-વ્યવસાયકારોને ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસની સરળતા કરી આપીને લાયસન્સ પ્રથા દૂર કરવાનો જે અભિગમ અપનાવેલો છે તેમાં પેટ્રોલ પંપધારકોને લાયસન્સ રિન્યુઅલમાંથી મુકિતના નિર્ણય બાદ આ વધુ એક સૈદ્ધાંતિક નિર્ણય તેમણે કર્યો છે.મુખ્યપ્રધાનના આ નિર્ણય અનુસાર શોપ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એકટ અન્વયે નોંધાયેલા વિવિધ એકમોને હવેથી દર વર્ષે લાયસન્સ પરવાનગી રીન્યુઅલ કરવાને બદલે વન ટાઈમ ફી ભરીને પરવાનગી ચાલુ રાખી શકવાની સરળતા થઈ છે.

ઈન્સ્પેકટર રાજમાંથી મુકિત અપાવતા આ સૈધ્ધાંતિક નિર્ણય અનુસાર હવેથી જે વન ટાઈમ ફી ના ધોરણો નિયત કરવામાં આવ્યા છે તેમાં ૧૦ કરતાં વધુ કર્મચારીઓ ધરાવતાં વાણિજ્યીક એકમ માટે રૂ. ૫૦૦, દસ કરતાં ઓછા કર્મચારીઓ હોય તેવા એકમો માટે રૂ. ૨૫૦, દસ કે તેથી વધુ કામદારો-કારીગરો ધરાવતી દુકાનો માટે વન ટાઈમ ફી રૂ. ૫૦૦ તથા દસ થી ઓછા કામદાર-કારીગર સંખ્યા ધરાવતી દુકાનો માટે રૂ. ૨૫૦ની ફી રાખવાનું સૂચવાયું છે.

વન ટાઈમ ફીના આ ધોરણોમાં રેસિડેન્શયલ હોટેલ્સ માટે રૂ. ૨૫૦૦, રેસ્ટોરન્ટ અને ખાન-પાન ગૃહો માટે રૂ. ૧૦૦૦, સિનેમાગૃહો તેમજ જનતા જનાર્દનના જાહેર મનોરંજન માટેના સ્થળો માટે રૂ. ૫ હજાર તેમજ જે એસ્ટાબ્લીશમેન્ટમાં કોઈ કર્મચારી ન હોય તેમને વન ટાઈમ ફી તરીકે રૂ. ૨૫૦ ભરવાના રહેશે.

૪થી એ 'પ્રથમ ગુરૂનો ગુરૂદ્વારા' લખપત ખાતે મુખ્યમંત્રી રૂપાણીના હસ્તે ગુરૂદ્વારાના વિકાસકામોનું કરાશે ખાતમુહુર્ત



મુખ્યમંત્રીના આગમનને પગલે લખપત ગુરૂદ્વારા ખાતે ઉત્સાહભેર ચાલી રહેલી પૂર્વ તૈયારીઓ

ભુજ, પ્રથમ ગુરૂનો ગુરૂદ્વારા' ગણાતાં લખપતના ઐતિહાસિક સાથે ગુરૂ નાનક દેવજીના જયાં ચરણો પડ્યા હતા તેવા પવિત્ર તીર્થધામ ખાતે આગામી ૪થી જાન્યુઆરીએ ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે રૂપિયા પાંચ કરોડના ગુરૂદ્વારાના ગુજરાત સરકારની પ્રવાસન વિકાસ હેતુ ફાળવાયેલી ગ્રાંટમાંથી હાથ ધરાનારા વિકાસકામોના શ્રીગણેશ કરાશે. આ માટે દેશના છેક પશ્ચિમ છેડે કચ્છના લખપત ગુરૂદ્વારા ખાતે ઉત્સાહભેર પૂર્વ તૈયારીઓ ચાલી રહી છે.

આજે લખપત ગુરૂદ્વારા ખાતે ખાતમુહુર્ત અને સભામંડપ સહિતની આખરી તબકકામાં ચાલી રહેલી તૈયારીઓ પગલે છેક ૧૫મી સદીમાં સાઉદી અરેબીયાના મક્કા મદિનાની ધર્મપ્રચાર યાત્રા દરમિયાન ગુરૂ નાનક દેવજી લખપત પધારેલા અને કેટલાંક દિવસ અહીં રોકાયા હતા તે પવિત્ર જગ્યાએ ગુરૂનાનક દેવજીની અંગત વસ્તુ અા મા ં ચરણપાદુકા(લાકડાંની ચાખડી), પાલખી અને શણગારેલ ઝુલો, હસ્તલેખ, સ્મૃતિચિન્હ વગેરે અહીં ગુરૂદ્વારામાં રાખવામાં આવ્યાં છે. આ પવિત્ર ગુરૂદ્વારાના વિકાસનું કાર્યનો રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના વરદહસ્તે શુક્રવારે શુભારંભ થવા જઈ રહ્યો છે.

રાજયના મુખ્યમંત્રી દ્વારા ગુરૂ ગોવિંદસિંહજી પ્રકાશ વર્ષની ઉજવણીના પૂર્ણાહુતિ પ્રસંગે લખપત ખાતેના ગુરૂદ્વારાનો વિકાસ કરવા રૂપિયા પાંચ કરોડ ફાળવવાની જાહેરાત કરી હતી જેને પગલે ગુરૂદ્વારાના વિકાસ અને વિસ્તરણ, મ્યુઝિયમ ઈન્ટીરીયરની કામગીરી, કિચન અને સ્ટોરરૂમ, લંગર હોલ, ટોયલેટ બ્લોક, કિચન ઈકયુપમેન્ટ, ગેસ્ટહાઉસ, ગાર્ડનીગ, સોલાર પેનલ, સાઈનેજીસ, પ્રવેશદ્વાર, ૭૫૦ મીટર આરસીસી રોડ વગેરે ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા આપવાની થતી રૂ. પાંચ કરોડની ગ્રાંટમાંથી કામો હાથ ધરાશે આને કારણે પહેલી પાતશાહી ગુરૂદ્વારા લખપત ખાતે પ્રવાસન વિકાસને વેગ મળતાં દૂર-સુદૂરથી આવતા યાત્રીકોને ઘણી રાહત મળશે.

જૂનાગઢ જિલ્લાકક્ષાના ગરીબ કલ્યાણમેળામાં ૪૬૯૭ લાભાર્થીઓને

રૂ. ૨ કરોડની સહાય ચુકવાશે ફાયનાન્સ બોર્ડના ચેરમેન ધનસુખભાઈ ભંડેરી અને વિધાનસભા દંડક ભરતસિંહ ડાભીના હસ્તે સાધનસામગ્રીનું વિતરણ કરાશે

જૂનાગઢ : વંચિતોના વિકાસ માટે અને જરૂરીયાતમંદ લોકોને પગભર કરવા માટે રાજય સરકાર વર્ષ ૨૦૦૯થી ગરીબ કલ્યાણ મેળા યોજી રહી છે. સરકારી યોજનાના લાભો અને હક્કો લક્ષીત લાભાર્થીને હાથો હાથ મળી રહે તે માટે જૂનાગઢ કૃષિ યુનિ. પરિસરમાં સરદાર પટેલ સભાગૃહ ખાતે ગરીબ કલ્યાણ મેળો તા.૫-૧-૧૯ના રોજ સવારે ૧૦ કલાકે યોજાશે.

ગરીબ કલ્યાણમેળામાં કુલ ૪૬૯૭ લાભાર્થીઓને રૂ. ૨ કરોડની સાધનસામગ્રી હાથોહાથ ચુકવવામાં આવશે.જૂનાગઢ જિલ્લાના વિવિધ તાલુકા અને મહાનગરપાલીકાના ગરીબ કલ્યાણ મેળામાં રાજય મ્યુનિ. ફાયનાન્સ બોર્ડનાં ચેરમેન ધનસુખભાઈ ભંડેરી તથા વિધાનસભાનાં દંડક ભરતસિંહ ડાભીની ઉપસ્થિતીમાં ગરીબોને મળવાપાત્ર સહાયનું હાથો હાથ વિતરણ કરવામાં આવશે.

તા.૫ જાન્યુઆરીના કાર્યક્રમની સફળતા માટે અને તૈયારીને આખરી ઓપ આપવા માટે કલેકટર ડો. સૌરભ પારધીના માર્ગદર્શન હેઠળ આજે કલેકટર કચેરી ખાતે અધિકારીઓની મીટીગ મળી હતી. આ મીટીગમાં સ્ટેજ પરના લાભાર્થીઓ તેમજ ૪૦ જેટલા સ્ટોલ પરથી લાભાર્થીઓને સમયસર સાધન સામગ્રી મળી જાય તે માટે આયોજન કરવામાં આવ્યું હતું.

બોટાદ એલ.સી.બી.એ ગઢડાના લાખણકા ગામેથી ઘેલો નદીમાંથી ખનીજ ચોરી કરતા ૭ ઈસમોને રૂ.૪૨,૦૩,૫૦૦ લાખના મુદામાલ સાથે ઝડપી પાડ્યા



ભાવનગર પોલીસ મહાનિરીક્ષક નરસિમ્હા કોમાર દ્વારા ખનીજ ચોરીની પ્રવૃતીને નેસ?ત નાબુદ કરવાની સુચના આપેલ જે અનુસંધાને બોટાદ જીલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાના સીધા માર્ગદર્શન હેઠળ બોટાદ એલ.સી.બી./ એસ.ઓ.જી.ના પો.ઈન્સ. એચ.આર.ગોસ્વામી તથા એલ.સી.બી. ના હે.કો. ભગવાનભાઈ, પો.કો.ક્રિપાલસિંહ, પો.કો.બળદેવસિંહ તથા એસ.ઓ.જી. સ્ટાફના પો.કો.ભગીરથભાઈ,પો.કો. પરાક્રમસિંહ સહીત સ્ટાફના માણસો ગઢડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ રાઉન્ડમાં હતા તે દરમ્યાન મળેલ બાતમી આધારે લાખણકાથી ઈશ્વરીયા જવાના માર્ગે ઘેલો નદીમાં ગેરકાયદેસર ખનીજ ચોરી કરતા લાલાભાઈ વરજાંગભાઈ ડાંગર રહે.લાખણકા તા.ગઢડા જી.બોટાદ,બાલાભાઈ સારાભાઈ સોહલા રહે.પીપળ તા.ગઢડા જી.બોટાદ,મુનાભાઈ વજેકરણભાઈ ડાંગર રહે.લાખણકા તા.ગઢડા જી.બોટાદ,બુધેશભાઈ વજેકરણભાઈ ડાંગર રહે.લાખણકા તા.ગઢડા જી.બોટાદ,વાલાભાઈ રામભાઈ ડાંગર રહે.લાખણકા તા.ગઢડા જી.બોટાદ,રાણાભાઈ ખેંગારભાઈ ડાંગર રહે.લાખણકા તા.ગઢડા જી.બોટાદ,રાહાભાઈ વજેકરણભાઈ ડાંગર રહે.લાખણકા તા.ગઢડા જી.બોટાદ ને સ્થળ ઉપરથી લોડર વાહન નંગ-૨ કી.રૂ.૧૪,૦૦,૦૦૦,ડમ્પર વાહન નંગ-૨ કી.રૂ. ૨૫,૦૦,૦૦૦, ફોરવ્હીલ નંગ-૧ કી.રૂ. ૨,૦૦,૦૦૦,મો.સા. નંગ-૩ કી.રૂ. ૯૫,૦૦૦, મોબાઈલ ફોન નંગ-૧૧ કી.રૂ.૮,૦૦૦,ડમ્પર વાહનમાં ભરેલ રેતી ટન એક કી.રૂ.૫૦૦મળી કુલ કી.રૂ.૪૨,૦૩,૫૦૦ના મુદામાલ સાથે પકડી પાડવામાં આવેલ તેમજ મુકેશભાઈ જીણાભાઈ સેફાતરા રહે.ગઢડા તા.જી.બોટાદ,કાંતીભાઈ ઓડ રહે.ગઢડા તા.જી.બોટાદ,બાબુભાઈ બારૈયા રહે.ઈશ્વરીયા તા.ગઢડા જી.બોટાદ હાજર નહી મળી આવતા ઉપરોકત તમામ વિરૂધ્ધ ઈપીકો ક.૩૭૯,૧૧૪ તથા ગુજરાત ખનીજ ખાણ અને હેરફેર સંગ્રહ નિવારણ ૨૦૦૫ ની કલમ ૪(૧),૪(૧)(એ),૨૧(૧) મુજબનો ગુન્હો ગઢડા પોલીસ સ્ટેશનમાં દાખલ કરાવી ધોરણસર કાર્યવાહી કરેલ છે

માંડલ ખંભલાય મંદિરે મહાકાલ મૃત્યુંજય મહાયાગ પ્રસંગે વર્ષોથી ટ્રસ્ટમાં યોગદાન આપનાર મહાનુભાવોનું કુત્સસ રત્ન એવોર્ડથી સન્માનિત કરાયા

માંડલ ખંભલાય માતાજી પ્રાગટ્ય સ્થાન તળાવ મંદિર ખાતે છેલ્લાં ચાર દિવસથી વિશ્વમાં લગભગ પ્રથમવાર આ કાર્ય થઈ રહ્યું હશે એવો મહાકાલ મૃત્યુંજય મહાયાગ અણમોલ અવસર ચાલી રહ્યો છે. આ પ્રસંગના ચતુર્થ દિને એટલે કે તા.૨ જાન્યુઆરી ના રોજ ખંભલાય માતાજી મંદિરમાં કેટલાય વર્ષોથી પોતાનો અમૂલ્ય સમય ફાળવી જે યોગદાન આપ્યું છે અને ટ્રસ્ટ ને જયાં જયાં મદદરૂપ થઈને કામ હળવા કરેલા છે એવા મહાનુભાવોનું કુત્સસ રત્ન એવોર્ડ અર્પણ કરાયો હતો. જયારે ૨૦૦૭/ ૦૮ માં તળાવ વચ્ચે પ્રગટ થયેલા માતાજી સુધી પહોંચવા માટે સેતુ બનાવવામાં આવ્યો હતો તે સમયે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેનનો અથાગ ફાળો રહેલો હતો. આમ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન કિરીટભાઈ અધવર્યુ,તેમજ ગુજરાતમાં અનેક મંદિરોમાં ટ્રસ્ટી રહી ચૂકેલા અને માંડલ ખંભલાય ટ્રસ્ટમાં પણ ઉમદા કામગીરી બદલ અખિલભાઈ શુકલ, તેમજ ખંભલાય મંદિરમાં કેટલાય વર્ષોથી એકાઉન્ટ નું કામ સંભાળી રહેલા ચાર્ટડ એકઉન્ટન્ટ અ િમ ત ભા ઈ રાવલ, તેમજ ૨૦૦૭ થી ખંભલાય મંદિરે વહીવટી અધિકારી કનકભાઈ બી.દવે ની નિષ્ઠાપૂર્વક કામગીરી બદલ તેમનું પણ કુત્સસ રત્ન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ ટ્રસ્ટમાં પૂર્વ ટ્રસ્ટી હરીઓમભાઈ પ્રકાશભાઈ રાવલના પ્રેરણાદાયી પત્ની બિન્દુબેનનુંપણ કુત્સસ રત્ન એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું હતું. આમ મહાકાલ મૃત્યુંજય મહાયાગ પ્રસંગે વર્ષોથી ટ્રસ્ટમાં યોગદાન આપનાર મહાનુભાવોનું કુત્સસ રત્ન એવોર્ડથી સન્માનિત કરાય હતા.





વિજયભાઇ રૂપાણીનો વધુ એક ઐતિહાસિક-ક્રાંતિકારી નિર્ણય

રાજ્યમાં શોપ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એકટ અન્વયે નોધાયેલા એકમોને હવેથી દર વર્ષે લાયસન્સ પરવાનગી રિન્યુઅલથી મુકિત

વન ટાઇમ ફી ભરીને લાયસન્સ-પરવાનગી ચાલુ રાખી શકાશે

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ રાજયમાં શોપ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એકટ- ગુમાસ્તા ધારા અન્વયેના એકમો માટે ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેસનો અભિગમ અપનાવતાં એક મહત્વપૂર્ણ સૈધ્ધાંતિક ઐતિહાસિક નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીએ રાજયમાં વેપાર-વ્યવસાયકારોને ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેસની સરળતા કરી આપીને લાયસન્સ પ્રથા દૂર કરવાનો જે અભિગમ અપનાવેલો છે તેમાં પેટ્રોલ પંપ ધારકોને લાયસન્સ રિન્યુઅલમાંથી મુકિતના નિર્ણય બાદ આ વધુ એક સૈધ્ધાંતિક નિર્ણય તેમણે કર્યો છે.

મુખ્યમંત્રીના આ નિર્ણય અનુસાર શોપ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એકટ અન્વયે નોંધાયેલા વિવિધ એકમોને હવેથી દર વર્ષે લાયસન્સ પરવાનગી રિન્યુઅલ કરવાને બદલે વન ટાઇમ ફી ભરીને પરવાનગી ચાલુ રાખી શકવાની સરળતા થઇ છે. ઇન્સ્પેકટર રાજમાંથી મુકિત અપાવતા આ સૈધ્ધાંતિક નિર્ણય અનુસાર હવેથી જે વન ટાઇમ ફી ના ધોરણો નિયત કરવામાં આવ્યા છે તેમાં ૧૦ કરતાં વધુ કર્મચારીઓ ધરાવતાં વાણિજ્યીક એકમ માટે રૂ. ૫૦૦, ૧૦ કરતાં ઓછા કર્મચારીઓ હોય તેવા એકમો માટે રૂ. ૨૫૦, ૧૦ કે તેથી વધુ કામદારો-કારીગરો ધરાવતી દુકાનો માટે વન ટાઇમ ફી રૂ. ૫૦૦ તથા ૧૦ થી ઓછી કામદાર-કારીગર સંખ્યા ધરાવતી દુકાનો માટે રૂ. ૨૫૦ની ફી રાખવાનું સૂચવાયું છે.

વન ટાઇમ ફી ના આ ધોરણોમાં રેસીડેન્શયલ હોટેલ્સ માટે રૂ. ૨૫૦૦, રેસ્ટોરન્ટ અને ખાન-પાન ગૃહો માટે રૂ. ૧૦૦૦, સિનેમાગૃહો તેમજ જનતા જનાર્દનના જાહેર મનોરંજન માટેના સ્થળો માટે રૂ. ૫ હજાર તેમજ જે એસ્ટાબ્લીશમેન્ટમાં કોઇ કર્મચારી ન હોય તેમને વન ટાઇમ ફી તરીકે રૂ. ૨૫૦ ભરવાના રહેશે.

કાયાવરોહણ ગામે ઇ-ઓળખ કામગીરીનો પ્રારંભ

વડોદરા, વડોદરાના ડભોઇ તાલુકાના કાયાવરોહણ ગ્રામ પંચાયત દ્વારા ઇ-ઓળખ સિસ્ટમનું અમલીકરણ કરવામાં આવ્યું છે. ગુજરાત સિવિલ રજીસ્ટ્રેશન સિસ્ટમ દ્વારા જન્મ અને મરણનું પ્રમાણપત્ર આપવામાં આવે છે. જિલ્લા રજિસ્ટ્રાર(જન્મ-મરણ) તેમજ વહીવટી સ્ટાફ દ્વારા ઓનલાઇન જન્મનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગદ્વારા શરૂ કરવામાંઆવેલ ઇ-ઓળખ પ્રમાણપત્રનું અમલીકરણ કરી કાયાવરોહણ ગામે પારદર્શી અને ઝડપી વહીવટી કામગીરી માટે પ્રેરણાદાયી કાર્ય કર્યું છે. તેમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી વડોદરાએ એક અખબારી યાદી ધ્વારા જણાવ્યું છે

લગ્નની લાલચ આપી છોકરીનું અપહરણ

સુરત

કુંવરદા ગામ ખાતે રહેતા એક શ્રમજીવી પરિવારની સગીર પુત્રીને લગ્નની લાલચ આપી એક આરોપી ફરાર થઈ ગયો હોવાનો બનાવ કોસંબા પોલીસ મથકે નોંધાયો હતો. પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલમાં માંગરોળ તાલુકાના કુંવરદા ગામના રહેવાસી પ્રભાકર શ્રી જોગેશ્વર પ્રસાદ પાંડે કોઈ ખાનગી કંપનીમાં છૂટક નોકરી કરે છે. તેમની એક ૧૪ વર્ષ અને ૧૦ માસની પુત્રી છે. આ વિસ્તારમાં રહેતી હીરાલાલ શાહે પ્રભાકરની સગીરપુત્રીને લગ્નની લાલચ આપી લલચાવી પટાવી ફોસલાવીને અપહરણ કરી ફરાર થઈ ગયો હતો. પોલીસે આરોપી હીરાલાલ સામે અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસે આરોપી અને ફરિયાદીના સગાસંબંધીઓને ત્યાં પણ તપાસ શરૂ કરી હતી, પરંતુ તે મળી ન આવતા પોલીસે આરોપી સામે આઈપીસી-૩૬૩, ૩૬૬ મુજબનો ગુનો નોંધ્યો હતો.

ખેડૂતને બાઈકની ટક્કર મારી પછી ધમકી આપી

સુરત

મહિલા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કામે તાલુકાના આંબોલી ગામ ખાતે રાજપૂત ફળિયા ખાતે નવીનભાઈ સોમાભાઈ રામાનંદી રહે છે તેમની એક પુત્રી દીક્ષિતાના લગ્નચંદ્રકાંત ભાઈના પુત્ર અશોકભાઈ સાથે થયા હતા લગ્ન થયા બાદ પણ પતિ અશોક રામાનંદીએ અન્ય સ્ત્રી સાથે અનૈતિક સંબંધો બાંધ્યા હતા અને જેને કારણે પતિ તથા પત્ની વચ્ચે વારંવાર ઝઘડો થતો હતો. આ સાથેડ પતિ દ્વારા તેણીને રૂા. ૫ લાખ દહેજ પેટે પિયરમાંથી લઈ આવવાનું જણાવી શારીરિક-માનસિક ત્રાસ આપતા પત્નીએ પોતાના પિયરમાં ચાલી આપી હતી. જ્યાંથી તેણીએ (દીક્ષિતાબેન) ગ્રામ્ય મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે દહેજ પ્રતિબંધક ધારાની કલમ મુજબનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

તા.૪થી જાન્યુઆરીએ આહવા ખાતે યોજાશે ડાંગ જિલ્લાનો ગરીબ કલ્યાણ મેળો



કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીએ આપ્યુ ઉપયોગી માર્ગદર્શન

આહવા: રાજ્ય સરકારની વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓના લાભો જરૂરિયાતમંદ લાભાર્થીઓ સુધી સૂપેરે પહોંચે તે માટે પ્રતિવર્ષ આયોજિત રાજ્ય સરકારના અતિ મહત્વકાંક્ષી એવા ગરીબ કલ્યાણ મેળાના લાભાર્થીઓની ડેટા એન્ટ્રીની કામગીરી સત્વરે પૂર્ણ કરી, મેળા અગાઉ જરૂરી ચેક અને કીટ્સ વિગેરે તૈયાર કરવાની સૂચના ડાંગ કલેક્ટર બી.કે.કુમારે આપી છે.

ડાંગ જિલ્લામાં તા.૪/૧/૨૦૧૯નાં રોજ સવારે ૧૦:૩૦ વાગ્યે આહવાના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાનારા ગરીબ કલ્યાણ મેળામાં ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી-વ-રાજ્ય આદિજાતિ વિકાસ તથા વન મંત્રી રમણલાલ પાટકર સહિત સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના (ગુજરાત પ્રદેશ)ના અધ્યક્ષ સરદારસિંહ બારૈયાની ઉપસ્થિતિમાં જરૂરિયાતમંદ લાભાર્થીઓને હાથોહાથ વિવિધ સાધન સહાય એનાયત કરાશે, તેમ જણાવતા કુમારે સંબંધિત વિભાગના લાભાર્થીઓને લાવવા-લઇ જવાની ચોક્સાઇ સાથે મેળાના દિવસે હાથ ધરવાની થતી આનુષાંગિક કામગીરી બાબતે જરૂરી સૂચના આપી, ખૂબ જ સંવેદનશીલતા સાથે ગરીબ કલ્યાણ મેળાને સફળ બનાવવા અંગે માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતું.

ઉલ્લેખનિય છે કે, ડાંગ જિલ્લાના સને ૨૦૧૮/૧૯નાં વર્ષના ગરીબ કલ્યાણ મેળામાં અંદાજીત ૭ હજાર જેટલા લાભાર્થીઓને રૂા.૨૫ કરોડથી વધુની રકમના લાભો એનાયત કરવા માટેનું ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાયુ છે. જે પૈકી ૨ હજાર જેટલા લાભાર્થીઓને મેળાના સ્થળે જ મહાનુભાવોના હસ્તે ચેક અને કીટ્સનું વિતરણ કરવામાં આવનાર છે.

ગરીબ કલ્યાણ મેળાના લાભાર્થીઓની ઓનલાઇન ડેટા એન્ટ્રી બાબતે પ્રકાશ પાડતા જિલ્લા વિકાસ અધિકારી એચ.કે.વઢવાણિયાએ વર્ષ દરમિયાન અપાતા વિવિધ યોજનાકિય લાભોને મેળા અગાઉ, મેળા દરમિયાન, અને મેળા પછી આપવાના લાભો એમ જુદી જુદી કેટેગરીમાં એન્ટ્રી કરવાની કાર્યપદ્ધતિ બાબતે જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતું. બેઠકની કાર્યવાહી સંભાળતા નિવાસી અધિક કલેક્ટર ટી.કે.ડામોરે સંબંધિત વિભાગો દ્વારા હાથ ધરાયેલી ડેટા એન્ટ્રીની કામગીરી બાબતે જાણકારી આપી હતી. ગરીબ કલ્યાણ મેળાની બેઠકમાં ડાંગ જિલ્લા પંચાયતના અધ્યક્ષા બીબીબેન ચૌધરી સહિત જિલ્લાના નાયબ વન સંરક્ષકો સર્વ અગ્નિશ્વર વ્યાસ અને દેવેન્દ્રકુમાર ત્રિવેદી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જે.ડી.પટેલ, પ્રાયોજના વહિવટદાર એસ.બી.ચૌધરી, પ્રાંત અધિકારી કાજલ ગામીત, નાયબ જિલ્લા વિકાસ અધિકારી અસારી, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.મેધા મહેતા, કાર્યપાલક ઇજનેરો સર્વ જે.કે.પટેલ અને ગિરીશ પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી એસ.એલ.પવાર, શિક્ષણાધિકારી મણિલાલ ભૂસારા, તાલુકા મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ સહિત સંબંધિત વિભાગોના અમલીકરણ અધિકારીઓ વિગેરેએ ઉપસ્થિત રહી ચર્ચામાં ભાગ લીધો હતો.

આજે વડોદરા ખાતે મહા ગરીબ કલ્યાણ મેળો યોજાશે

વિધાનસભાના મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇની વિશેષ ઉપસ્થિતિ

જિલ્લાના ૭,૦૧૩ લાભાર્થીઓ રૂ.૪૫૪ લાખથી વધુની રકમની સહાયથી લાભાન્વિત થશે

ગરીબ કલ્યાણ મેળા પૂર્વે ૪૦,૮૧૪ લાભાર્થીઓને રૂ.૫૫૪ લાખથી વધુ રકમની સહાય ચૂકવવામાં આવી

વડોદરા : રાજય સરકાર દ્વારા સમગ્ર ગુજરાતમાં ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા વહીવટીતંત્ર અને વડોદરા મહાનગરપાલિકા દ્વારા વડોદરા ખાતે શહેર અને ગ્રામ્ય વિસ્તારનો સંયુક્ત મહા ગરીબ કલ્યાણ મેળો આજે તા.૩ જાન્યુઆરી-૨૦૧૯ને ગુરૂવારના રોજ સવારે ૧૦ કલાકે વડોદરા સ્થિત સયાજીનગર ગૃહની બાજુના મેદાનમાં યોજાનાર આ મહા ગરીબ કલ્યાણ મેળામાં વિધાનસભાના મુખ્ય દંડક પંકજભાઇ દેસાઇની વિશેષ ઉપસ્થિતિમાં યોજાશે.

આ પ્રસંગે બાળ સંરક્ષણ આયોગના અધ્યક્ષ શ્રીમતી જાગૃત્તિબેન પંડ્યા, સાંસદ, મેયર, ધારાસભ્ય ઓ, પાલિકા અને પંચાયતના પદાધિકારીઓ સહિત જિલ્લા કલેકટર શ્રીમતી શાલિની અગ્રવાલ, જિલ્લા વિકાસ અધિકારી પણ ઉપસ્થિત રહી લાભાર્થીઓને સાધન-સહાયનું વિતરણ કરશે.

પારદર્શી અને ગતિશીલ નિર્ણાયક રાજય સરકારે ગરીબોને હાથોહાથ સહાય મળી રહે તેવા ઉદ્દેશ્ય સાથે ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરી લાભાર્થીઓને હાથોહાથ સહાય આપવાનું આયોજન કર્યુ છે.

વડોદરા ખાતે યોજવામાં આવનાર આ મહા ગરીબ કલ્યાણ મેળા દરમિયાન મહાનગરપાલિકા અને નગરપાલિકા સહિતના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના કુલ ૭,૦૧૩ લાભાર્થીઓને રૂ.૪૫૪ લાખથી વધુની સહાય ચૂકવવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૪૦,૮૧૪ લાભાર્થીઓને રૂ.૫૫૪ લાખથી વધુ રકમની કિટસ, ચેક સહિત વિવિધ સાધન-સહાય ગરીબ કલ્યાણ મેળા પૂર્વે ચૂકવવામાં આવેલ છે.

ગરીબોના કલ્યાણ અર્થે યોજવામાં આવતા ગરીબ કલ્યાણ મેળામાં વડોદરા જિલ્લાના કુલ ૪૨,૫૧૦ લાભાર્થીઓને પંચાયત, અન્ન નાગરિક પુરવઠા, ગ્રામ્ય, ગૃહ નિર્માણ, વન અને પર્યાવરણ, મહેસૂલ, સામાજિક ન્યાય અને અધિકારિતા તેમજ ઉદ્યોગ અને ખાણ વિભાગની વિવિધ સહાયકીય લાભોથી લાભાન્વિત કરવામાં આવશે

જય કુંભકાર ॥ સંઘે શક્તિ કલૌયુગે ॥ જય કુંભકાર

સમસ્ત પ્રજાપતિ સમાજ સ્નેહ મિલન

ભરૂચ જિલ્લો

≋ આમંત્રણ પત્રિકા ≋



પ્રતિ, _____

આપશ્રીને જાણ કરતા આનંદની અનુભૂતિ થાય છે કે ભરૂચમાં **દ્વિતીય** વખત આપણા ભરૂચ જીલ્લાના સર્વ ગોળ પ્રજાપતિ સમાજનું સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવ્યું છે. તો આપને સહકુટુંબ કાર્યક્રમમાં પધારવા માટે આમંત્રણ છે. આ પ્રયાસને આપ પ્રોત્સાહન આપશો. આપના સૌના સાથ અને સહકારથી સૌ ભેગા મળીને સમાજની સેવા કરીએ, સમાજના ઉત્કર્ષ માટે આપણે સૌ સાથે બેસીને ચિંતન કરીએ, એવી આશા સહ આપને ભાવભીનું આમંત્રણ પાઠવીએ છીએ.

કાર્યક્રમની રૂપરેખા

- દિપ પ્રાગટય
- પ્રસંગોચિત પ્રવચન
- ધોરણ - ૫ થી ૧૨ ના પ્રથમ આવનાર વિદ્યાર્થીઓનું સન્માન
  (વિદ્યાર્થીએ માર્કશીટની ઝેરોક્ષ કોપી જમા કરાવવી જરૂરી છે.)
- સમાજના અગ્રણીઓનું ઉદ્‌બોધન
- સાંસ્કૃતિક કાર્યક્રમ

તારીખ : ૬-૧-૨૦૧૯, રવિવાર **સમય : સવારે ૧૦.૦૦ થી ૧.૦૦**

સ્થળ : શ્રી નીલકંઠેશ્વર મહાદેવ મંદિર, સરદાર બ્રીજ પાસે, ને.હા.નં. ૮, ઝાડેશ્વર, ભરૂચ

નોંધ : સ્વરૂચી ભોજન સાથે લઈશું.

:સંપર્ક સૂત્રો :

મનુભાઈ પ્રજાપતિ, જંબુસર - 96620 54493
દિવ્યાંસુભાઈ પ્રજાપતિ, ભરૂચ નગર - 99250 17231
રાકેશભાઈ પ્રજાપતિ, વાલીયા, હાંસોટ - 94271 15995
સતિષકુમાર ઓઝા, શક્તિનાથ - 99980 05590
ઈશ્વરભાઈ પ્રજાપતિ, વાગરા તાલુકો - 94274 13050
ભાવિન પ્રજાપતિ, ઝાડેશ્વર ગામ - 97277 26783
યોગેશભાઈ પ્રજાપતિ, ઝાડે.સોસા.વિસ્તાર -98247 83282
ધિરજભાઈ પ્રજાપતિ, ભરૂચ તાલુકો - 99740 53035
ઉર્વેશભાઈ ગુર્જર, જંબુસર તાલુકો - 96877 68831
નિશાંતભાઈ પ્રજાપતિ, આમોદ તાલુકો - 76000 98903
અરૂણભાઈ પ્રજાપતિ, અંકલેશ્વર તાલુકો - 99042 11664
પ્રકાશભાઈ પ્રજાપતિ, માંડવા વિસ્તાર - 94271 08651
જીતેશભાઈ પ્રજાપતિ, ઝઘડિયા તાલુકો - 99247 15146
જીતુભાઈ પ્રજાપતિ, નેત્રંગ તાલુકો - 94292 84130
જયેશભાઈ પ્રજાપતિ, નેત્રંગ તાલુકો - 94273 16041
અતુલભાઈ પ્રજાપતિ, જંબુસર - 98984 11396
મનિષભાઈ પ્રજાપતિ, ઝાડે.સોસા.વિસ્તાર -99989 46476
ઉમેશભાઈ પ્રજાપતિ, ઝાડે.સોસા.વિસ્તાર -99747 07996
જગદિશભાઈ પ્રજાપતિ, આમોદ - 89802 25857
મુકેશભાઈ પ્રજાપતિ, જુના તવરા - 94284 61033
ધર્મેશભાઈ ગુર્જર, ભરૂચ નગર - 81280 95035
દેવેન્દ્રભાઈ પ્રજાપતિ, વાગરા તાલુકો - 90999 23463
પ્રફોશભાઈ દલવાડી, સી.ડીવી.પોલીસ સ્ટેશન -98241 24395
પ્રભુદાસભાઈ પ્રજાપતિ, જંબુસર - 99255 47487
રમણભાઈ પ્રજાપતિ, વાગરા તાલુકો - 96386 29784



ઉત્તરાયણ નિમિતે ખેડા જિલ્લામાં ચાઈનીઝ દોરી તુક્કલની ખરીદી સંગ્રહ અને વેચાણ ઉપર પ્રતિબંધ

નડિયાદ : ખેડા જિલ્લામાં આગામી તા.૧૪-૦૧-૨૦૧૯ના રોજ મકરસંક્રાતિનો તહેવાર ઉજવવામાં આવનાર છે. આ તહેવાર દરમ્યાન પતંગ રસિકો મોટી સંખ્યામાં પતંગ ચગાવી આનંદ મેળવતા હોય છે. પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતી ચાઈનીઝ દોરા તરીકે પ્રખ્યાત ચાઈનીઝ, પ્લાસ્ટીક/સીન્થેટીક મટીરીયલની બનાવટની દોરી તથા પતંગો માનવ/જીવન, પક્ષીઓ તથા પર્યાવરણ માટે ખતરારૂપ છે. પ્લાસ્ટીક/સીન્થેટીક વસ્તુની બનાવટની પાકી દોરીથી ઘણીવાર માણસો અને પક્ષીઓને પ્રાણઘાતક ઈજાઓ થાય છે. પ્લાસ્ટીક/સીન્થેટીક વસ્તુથી બનતી દોરી/પતંગ લાંબા સમય સુધી કુદરતી રીતે નાશ પામતી નથી. જેના પરિણામે ગટરો અને ડ્રેનેજ જામ થાય છે. ગાય તથા અન્ય પ્રાણીના ખોરાકમાં પેટમાં વસ્તુ જવાથી પ્રાણીઓ આફરો/ગભરામણના લીધે મરણ પામે છે. તદુપરાંત અનુલક્ષીને સમગ્ર ખેડા જિલ્લાના વિસ્તારમાં ચાઈનીઝ દોરા તરીકે ચાઈનીઝ માઝા/પ્લાસ્ટીક પાકા દોરાનો વપરાશ કરવો કે કરાવવો, ચાઈનીઝ દોરાનો જથ્થાબંધ વેપાર કરવો કે કરાવવો તથા તેની ખરીદી કે વેચાણ કરવું કે કરાવવું, ચાઈનીઝ તુક્કલની આયાત ખરીદ વેચાણ, સંગ્રહ, વપરાશ કરવો કે કરાવવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ જાહેરનામાનો ભંગ કરનાર કસુરવાર ઈસમો સામે સબંધિત તાલુકાના મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટને ધોરણસરની ફરીયાદ દાખલ કરવા અધિકૃત ગણાશે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

અધિક જિલ્લા મેજિસ્ટેટ રમેશ મેરજાએ કાયદાની લાગુ પડતી જોગવાઈઓને વીજલાઈન અને સબ સ્ટેશનમાં આ દોરી અને પતંગ ભરાવાના કારણે ફોલ્ટ પણ થાય છે. જેનાથી જનતાને હાલાકી ભોગવવી પડે છે.

ખેડા જિલ્લામાં ૮૪૫૩ દિવ્યાંગ મતદારો નોંધાયા

ગત વિધાનસભા ચૂંટણીમાં ૨૦૨૩ દિવ્યાંગ મતદારો હતા

નડિયાદઃ ખેડા જિલ્લામાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ-૨૦૧૯ અંતર્ગત બીએલઓ દ્વારા ઘરે-ઘરે ફરીને તેમજ ખાસ ઝૂંબેશના દિવસોએ કેમ્પોનું આયોજન કર્યું હતું. જેમાં દિવ્યાંગ મતદારોને શોધીને તેમની મતદાર યાદીમાં નોંધણી કરવાની કામગીરી પણ ભારતના ચૂંટણી પંચની સુચના મુજબ કરવામાં આવી હતી. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સુધીર પટેલના જણાવ્યા મુજબ આ ઝુંબેશને પરિણામે ખેડા જિલ્લામાં દિવ્યાંગ મતદારોની સંખ્યામાં ખૂબ વધારો થયો છે. ગત વર્ષની ગુજરાત વિધાનસભાની ચૂંટણી વખતે જિલ્લામાં દિવ્યાંગ મતદારોની સંખ્યા ૨૦૨૩ હતી. જયારે ઝૂંબેશ દરમિયાન નવા ૬૪૩૦ દિવ્યાંગ મતદારોની ઓળખ તથા નોંધણી થતા હાલ જિલ્લામાં દિવ્યાંગ મતદારોની સંખ્યા ૮૪૫૩ ઉપર પહોંચી છે. પટેલે ઉમેર્યું કે, કોઈપણ દિવ્યાંગ મતદાર નોંધણી વિના ન રહી જાય તે માટે ઝૂંબેશ સ્વરૂપે અભિયાન હાથ ધરાતા જિલ્લામાં દિવ્યાંગ મતદારોમાં વધારો નોંધાયો છે. આગામી લોકસભા ચૂંટણી સમયે નોંધાયેલ દિવ્યાંગ મતદારોને બુથ પર લાવવા માટે જરૂરી સાધનોની વ્યવસ્થા કરવા સાથે જરૂર જણાયે દિવ્યાંગ મતદારોને સહાયતા માટે વ્યકિતઓની નિમણૂંક મતદાર મથક ખાતે કરવામાં આવશે. જેથી કોઈપણ દિવ્યાંગ મતદાર મતદાનથી વંચિત ન રહી જાય તે માટે ખાસ તકેદારી લેવામાં આવશે તેમ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી વી.એમ.રાજપૂતે જણાવ્યું છે

માહિતીખાતાના કાર્મિકોએ સરકારની વાત વધુ અસરકારક રીતે પ્રજા સમક્ષ પહોચાડવા પોતાની જાતને સતત અપગ્રેડ કરવી પડશે

ચિંતન-મનન અને મંથન દ્વારા લક્ષ્ય નિર્ધારીત કરવામાં આવે તો સફળતા પ્રાપ્ત થાય છે-ગુજરાત પ્રેસ અકાદમી સચિવ પુલક ત્રિવેદી

નડિયાદ-પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા નજીક ધનપરી ખાતે પ્રાકૃતિક વનસંપદા ધરાવતા જાંબુઘોડા અભયારણ્યમાં મધ્ય ગુજરાત ઝોનના અધિકારી/કર્મચારીઓ માટે ચિંતન શિબિર યોજાઈ હતી. પ્રાદેશિક માહિતી કચેરી, વડોદરા અને જિલ્લા માહિતી કચેરી, પંચમહાલ ગોધરાના સહયોગથી યોજાયેલ આ સામુહિક ચિંતન શિબિરમાં ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ પુલકભાઈ ત્રિવેદી અને મધ્ય ગુજરાત ઝોનના સંયુકત માહિતી નિયામકશ્રી મહેશચંદ્ર કટારાએ માહિતી ખાતાની પ્રચાર-પ્રસાર કામગીરીને વધુ અસરકારક બનાવવા માટે ચાવીરૂપ માર્ગદર્શન આપ્યું હતું.

ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ પુલકભાઈ ત્રિવેદીએ લેખન, તસવીર કળા અને સોશ્યિલ મીડિયાના અસરકારક ઉપયોગ અંગે વકતવ્ય આપતાં જણાવ્યું હતું કે, માહિતી ખાતુ રાજય સરકારની વિવિધ પ્રજાકલ્યાણની યોજનાઓના પ્રચાર-પ્રસાર સાથે સરકારે હાંસલ કરેલ સિધ્ધિઓની વાત પ્રજા સમક્ષ મૂકે છે, ત્યારે આધુનિક અને હરિફાઈના યુગમાં માહિતી ખાતાના અધિકારી/કર્મચારીઓએ સરકારની વાત વધુ અસરકારક રીતે પ્રજા સમક્ષ પહોંચાડવા માટે પોતાની જાતને સતત અપગ્રેડ કરવી પડશે.

સ્વવિકાસ માટે ચિંતન-મનન અને મંથન પ્રથમ પગથિયું છે તેમ જણાવતાં ત્રિવેદીએ ઉમેર્યું કે, નાની નાની બાબતોને સમજી વિચારીને જો લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવે તો સફળતા ચોકકસ પ્રાપ્ત થાય છે ત્રિવેદીએ માહિતી ખાતામાં સમાચારની કામગીરી ખુબ જ અગત્યની છે, ત્યારે માહિતી ખાતામાં સમાચાર કામગીરી સાથે સંકબળાયેલા અધિકારી/કર્મચારીઓએ સમાચાર કામગીરીમાં નવીનતા લાવવા સતત વાંચન કરવા અનુરોધ કર્યો હતો.

ત્રિવેદીએ કે, આત્મવિશ્વાસ અને લક્ષ્ય સાથે આગળ વધીશુ તો ચોકકસ સફળતા મળશે તેમ જણાવી ઉમેર્યું કે, તસવીર કળા એ પણ આગવી કળા છે. તસવીર એ ઈતિહાસને ભૂતકાળ થતી અટકાવે છે. વિવિધ કાર્યક્રમોમાં અસરકારક તસવીરો પણ કેવી રીતે લઈ શકાય તે અંગે તેમણે વિસ્તૃત માર્ગદર્શન પુરૂં પાડયું છે.

વિજાણુ યુગમાં ફેસબુક, ટવીટર તેમજ ઈન્સ્ટ્રાગ્રામ જેવા સોશિયલ મીડિયાના સાધનોનો પણ અસરકારક ઉપયોગ કરવા ત્રિવેદીએ જણાવ્યું હતું.

નૂતન વર્ષના પ્રારંભે મધ્ય ગુજરાત ઝોનના અધિકારીઓ/કર્મચારીઓ માટે ચિંતન શિબીરના આયોજનને તેમણે આવકાર્યું હતું.

પ્રાદેશિક માહિતી કચેરી, વડોદરાના સંયુકત માહિતી નિયામક મહેશચંદ્ર કટારાએ જણાવ્યું હતું કે, માહિતીખાતામાં રોજબરોજ નવા નવા લક્ષ્યાંકો સાથે કામગીરી કરવાની હોય છે. એટલું જ નહીં રાજય સરકારની બહુમુખી કામગીરીને ઉજાગર કરવાની કામગીરી માહિતીખાતું કરે છે. ત્યારે કામગીરીને વધુ સુદ્રઢ બનાવવા માટે વિશ્વનીયતા, ત્વરા અને ચોકસાઈ પૂર્વક માહિતી કર્મીઓ પોતાની ફરજો અદા કરે તે સમયની માંગ છે.

કટારાએ ઉમેર્યું કે, ઈલેકટ્રોનિકસ-પ્રિન્ટ મીડિયાની ત્વરા અને હરીફાઈના યુગમાં ખાતાની કામગીરી અસરકારક બને તે જરૂરી છે.



રાજ્યમાં કરૂણા એનિમલ એમ્બ્યુલન્સને ૧ વર્ષ પૂર્ણ

કુલ ૩૭,૬૭૨ ઈમરજન્સી કોલ : ૨૫,૫૬૪ કોલમાં એમ્બ્યુલન્સ દ્વારા પશુ-પંખીઓને મદદ કરાઈ

રાજ્ય સરકારે તમામ જીવ પ્રત્યે કરૂણા દાખવીને મનુષ્યની જેમ પશુ-પંખીઓ માટે પણ ગત ઓક્ટોબર-૨૦૧૭થી રાજયમાં ૧૯૬૨-કરૂણા એનિમલ એમ્બ્યુલન્સનો મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો. જેના ભાગરૂપે તાજેતરમાં તા.૬-ઓક્ટોબરના-૨૦૧૮ના રોજ ૧૯૬૨ કરૂણા એનિમલ એમ્બ્યુલન્સે સફળતાપૂર્વક એક વર્ષ પૂર્ણ કર્યું છે. સમગ્ર વર્ષ દરમિયાન રાજયભરમાંથી કરૂણા એનિમલ એમ્બ્યુલન્સે ૩૭,૬૭૨ ઈમરજન્સી કોલ આવ્યા હતા. જેમાં તા.૩૧ ઓક્ટોબર-૨૦૧૮ સુધીમાં ૩૭ કરૂણા એમ્બ્યુલન્સ દ્વારા ૨૫,૫૬૪ કોલ સફળતાપૂર્વક પૂર્ણ કરીને પશુ-પંખીઓને બચાવવામાં આવ્યા છે. આ ઉપરાંત તા.૧૬ ઓક્ટોબર-૨૦૧૮ના રોજ ૧૦૪ હેલ્થ હેલ્પલાઈનનું એક વર્ષ પૂર્ણ થયું.એક વર્ષ દરમિયાન તા.૩૧ ઓક્ટોબરની સ્થિતિએ આ ટીમ દ્વારા ૧૨,૧૨૩ કેસમાં જરૂરી મદદ પૂરી પાડવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગત ઓક્ટોબર-૨૦૧૮માં મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીના હસ્તે વધુ ૨૫ નવી કરૂણા એનિમલ એમ્બ્યુલન્સને લીલી ઝંડી આપવામાં આવી હતી. આ સમગ્ર કામગીરીના નિરીક્ષણ માટે યુનિસેફ ગુજરાતની ટીમે પણ પ્રત્યક્ષ મુલાકાત લઈને વધુ વિગતો મેળવી હતી તેમ ફ્રેન્ડ્સના મુખ્ય કારોબારી અધિકારીની યાદીમાં જણાવાયું છે

રાજ્ય સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવે તુવરની ખેડુતો પાસેથી સીધી ખરીદી કરાશે

વલસાડ

રાજ્ય સરકાર દ્વારા માર્કેટિંગ સીઝન ૨૦૧૮-૧૯માં તુવરના લઘુત્તમ ટેકાના ભાવ રૂા. ૫૬૭૫ કિવિ. (રૂા.૧૧૩૫/- મણ)થી નીચા જાય તો ખેડૂતોને તેમના ઉત્પાદનના પોષણક્ષમ ભાવો મળી રહે તે હેતુસર લઘુત્તમ ટેકાના ભાવે તુવેરની ખરીદી માટે ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિ.લી. ને રાજ્ય સરકારની નોડલ એજન્સી નક્કી કરેલી છે. વલસાડ જિલ્લામાં વલસાડ, પારડી, ઉમરગામ, ધરમપુર તથા કપરાડા એ.પી.એમ.સી. ખાતે વેચાણથી તુવર આપવા ઈચ્છતા ખુડૂતોએ ફરજિયાતપણે એ.પી.એમ.સી. ખરીદ કેન્દ્ર ખાતે તા.૩૧/૦૧/૧૯ સુધી ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે.

નોંધણી સમયે આધારકાર્ડની નકલ, અદ્યતન ૭/૧૨ અને ૮-અનો ઉતારો, પાક વાવણી અંગેની નોંધ ના થઈ હોય તો પાક વાવ્યા અંગેનો તલાટી કે ગ્રામસેવકના સહી-સિક્કાનો દાખલો, ખેડૂતની આઈ.એફ.એસ.સી. કોડ સહિતની બેન્ક એકાઉન્ટની વિગત અને બેન્ક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેક જેવા દસ્તાવેજી પુરાવાઓ સાથે વલસાડ જિલ્લાના ધરમપુર તથા કપરાડા એપીએમસી કેન્દ્ર ખાતે લાવવાના રહેશે. ઓનલાઈન રજિસ્ટ્રેશનના ક્રમ ધ્યાને લઈ નિયત ગુણવત્તાવાળી તુવેરનો જથ્થો ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિ.લી. દ્વારા ટેકાના ભાવે તુવેરના વાવેતર વિસ્તારના આધારે તુવેરની ખરીદી શરૂ કરવામાં આવશે. વેચાણ થયેલા તુવેરના નાણાં સીધા ખેડૂતોના ખાતામાં જમા કરવામાં આવશે, એક જિલ્લા પુરવઠા અધિકારી અને જિલ્લા મેનેજર વલસાડ દ્વારા જણાવાયું છે. એમ જિલ્લા પુરવઠા અધિકારી અને જિલ્લા મેનેજર વલસાડ દ્વારા જણાવાયું છે.

તાલીમી PSI શ્રી રાઠોડના અપમૃત્યુ સંદર્ભે રાજ્ય સરકાર અત્યંત સંવેદનશીલ છે : ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજા

ઘટનાની સંપૂર્ણ ન્યાયિક તપાસ માટે અમદાવાદ શહેર કાઈમ બ્રાન્ચ દ્વારા તપાસ હાથ ધરવાનો રાજ્ય સરકારનો નિર્ણય

અકસ્માત મોતનો ગુનો નોંધી કાનૂની રાહે તપાસ કાર્યવાહી શરૂ : પ્રાથમિક તારણો મળતા તુર્તજ સત્વરે કાનૂની કાર્યવાહી હાથ ધરાશે

ઘટનાની સર્વગ્રાહી તપાસ માટે કોઈપણ કચાશ ન રહે તથા સુસાઈડ નોટની કડીઓની સંપૂર્ણ તપાસ હાથ ધરી કડક કાર્યવાહી કરાશે

ગૃહ રાજય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, કરાઈ ખાતે તાલીમ મેળવી રહેલા તાલીમી જીઁ દેવેન્દ્રસિંહ રાઠોડના અપમૃત્યુ અંગે રાજ્ય સરકાર અત્યંત સંવેદનશીલ છે. આ અપમૃત્યુની ઘટનાની ઉંડાણપૂર્વકની હકિકતલક્ષી સંપૂર્ણ ન્યાયિક તપાસ માટે અમદાવાદ શહેર કાઈમ બ્રાન્ચ દ્વારા તપાસ હાથ ધરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. સાથે સાથે ઘટનાની જાણ થતા તુર્તજ રાજ્ય સરકારે અકસ્માત મોતનો ગુનો નોંધીને કાનૂની રાહે તપાસની કાર્યવાહી શરૂ કરી છે. અને ઘટનાના દુષ્પ્રેરણ માટે કોઈપણ વ્યક્તિ જવાબદાર હશે તો તેની સામે કડક હાથે કાનૂની કાર્યવાહી હાથ ધરાશે.

ગૃહ મંત્રી જાડેજાએ ઉમેર્યું કે, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને આજે ગાંધીનગર ખાતે મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં મુખ્યમંત્રીએ ઘટનાને અત્યંત દુઃખ દાયક ગણી દુખની લાગણી વ્યક્ત કરી છે. સંવેદનશીલ મુખ્યમંત્રીએ ઘટનાની સંવેદનશીલતાને ધ્યાને રાખીને ઘટનાની ઉંડાણપૂર્વક, હકિકતલક્ષી અને સર્વગ્રાહી તપાસ થાય તે મુજબ તપાસનો દોર યુધ્ધના ધોરણે હાથ ધરવા સૂચનાઓ આપી છે. ઉપરાંત સુસાઈડ નોટમાં જે કડીઓ મળી છે તે તમામ કડીઓની પણ સંપૂર્ણપણે તપાસ કરવામાં આવશે. હાલ આ તપાસની પ્રક્રિયા અગ્રિમતાના ધોરણે કરાઈ રહી છે. અમદાવાદ પોલીસ કમિશ્નર તપાસ સંદર્ભે સતત મોનીટરીગ કરી રહ્યા છે.

તેમણે કહ્યું કે, રાઠોડે ૩૧મી ડીસેમ્બરના રોજ આપઘાત કર્યો હતો અને પોલીસને બનાવની જાણ થતાની સાથે જ ઝઈઁઝ - ૧૭૪ મુજબ અકસ્માત મોતનો ગુનો નોંધીને કાનૂની રાહે તપાસ હાથ ધરી છે. અમદાવાદ શહેરના ઢઝઁ ઝોન-૧ અને છઝઁ 'એ' - ડીવીઝનની અંગત નીગરાની હેઠળ સોલાઁ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. સત્ય હકિકત સામે આવતા અને પ્રાથમિક તારણો મળતાની સાથે જ અમદાવાદ શહેર કાઈમ બ્રાન્ચ દ્વારા ઝડપથી આગળની કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

જાડેજાએ ઉમેર્યું કે, બનાવ સંદર્ભે જે સુસાઈડ નોટ મળી છે, તેમાં કરાઈ ખાતેની ગુજરાત પોલીસ એકેડમીમાં કાર્યરત Dy.S.P.ના કથિત ત્રાસ બાબતે તાલીમી જીઁએ આક્ષેપો કર્યા છે. તે સંદર્ભે ભોગ બનનાર અને આક્ષેપિત બન્ને પોલીસ અધિકારી હોવાથી સત્ય હકિકતોને જાણીને તેનો નિષ્કર્ષ કાઢી અગ્રિમતાના ધોરણે આગળની યોગ્ય કાનૂની કાર્યવાહી કરવાનો પણ રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. આક્ષેપોને સમર્થન આપતા પુરાવા મળશે તો તે દિશામાં પણ આગળની કાર્યવાહી સત્વરે હાથ ધરાશે

રાણપુર સ્થિત ક્રાંતિકારી જૈન મુનિશ્રી સંતબાલજી પ્રેરિત

ઊની ખાદી સંસ્થા ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ ઉત્પાદિત વસ્ત્રોનુ પ્રદર્શન-વેચાણ ખુલ્લુ મુકાયુ



મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત અમદાવાદ સ્થિત ઐતિહાસિક ગુજરાત વિદ્યાપીઠ ખાતે રાણપુર સ્થિત ક્રાંતિકારી જૈન મુનિશ્રી સંતબાલજી પ્રેરિત અગ્રગણ્ય ઊની ખાદી સંસ્થા ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ ઉત્પાદિત ૧૦૦ ટકા મેરિનો ઊનમાંથી તૈયાર થયેલ ઊની વસ્ત્રો લેડીઝ-જેન્ટ્સ શાલ,જેન્ટ્સ જેકેટ,બંડી,બ્લેઝર,લેડીઝ કોટ,મફલર,ટોપી,હાથ-પગના મોજા વગેરે નુ પ્રદર્શન તેમજ વેચાણ ખુલ્લુ મુકાયુ.૧૫૦મી ગાંધી જયંતી ઊજવણી વર્ષ નિમિત્તે ગુજરાત સરકારનાં વિશેષ વળતરનો લાભ જાહેર જનતાને મળશે

ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક ડો.અનામિકભાઈ શાહ અને કુલસચિવ ડો.રાજેન્દ્રભાઈ ખિમાણી,ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતી સંસ્થાનના સ્થાપક પિનાકીભાઈ મેઘાણી,૨૮ વર્ષથી ખાદી ક્ષેત્રમાં કાર્યરત ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળના સેવાભાવી ચેરમેન ગોવિંદસંગભાઈ ડાભી,સેક્રેટરી હરદેવસિંહ રાણા,જૈન સમાજના અગ્રણી જતીનભાઈ ધીયા સહીત અનેક આગેવાનો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.છ દાયકાથી કાર્યરત ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ દ્વારા આર્થિક અને સામાજિક રીતે વંચિત અને ગ્રામીણ વિસ્તારમાં વસતી બહેનોને ઊની ખાદીનાં હાથ-વણાટનાં વિવિધ કાર્યો દ્વારા સ્વરોજગાર આપવામાં આવે છે જે ખાસ ઉલ્લેખનીય છે વધુ વિગત અને માહીતી માટે રાણપુરની ઊની સંસ્થા ભાલ નળકાઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળના સેવાભાવી ચેરમેનશ્રી ગોવિંદસંગભાઈ ડાભી(૯૮૨૫૪૧૧૫૬૯)નો સંપર્ક કરી શકાશે

શુક્રવારે કામરેજ ખાતે ગરીબ કલ્યાણ મેળો

સુરત

ગરીબોના જીવનમાં નવો ઉમંગ અને ઉજાસ પથરાય, વચેટીયાની નાબુદી કરીને જરૂરતમંદોને રાજય સરકારની યોજનાઓના લાભો હાથોહાથ પ્રાપ્ત થાય તેવા યજ્ઞ સમો ગરીબ કલ્યાણ મેળો સુરત જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તા.૪/૧/૨૦૧૯ના રોજ સવારે ૧૦.૦૦ વાગે કામરેજની વિદ્યાભારતી કેળવણી કેમ્પસ ખાતે યોજાશે. મેળામાં આરોગ્ય રાજયમંત્રીશ્રી કિશોરભાઈ કાનાણી તથા ગુજરાત પ્રવાસન નિગમના અધ્યક્ષશ્રી કમલેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં જરૂરતમંદ લાભાર્થીઓને સાધન સહાય એનાયત કરાશે.

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ

Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.

લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.

પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્ષનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-

- જે વિદ્યાર્થીઓએ એડમીશન કોર્મ ઓનલાઈન ભરેલ ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને બક્ષીપંચ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર અને ફ્રી શીપ કાર્ડ ની વ્યવસ્થા
- જાહેર આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ, અનુભવી તેમજ તજજ્ઞ સ્ટાફ
- એક જ કેમ્પસમાં ૩૭ વર્ષથી ચાલતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ભાઈઓ તથા બહેનો માટે
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ ક્લાસ રૂમ અને સુદ્રઢ લાયબ્રેરીની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, શુધ્ધ તેમજ સાત્વિક જમવાની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
- જુજ બેઠકો ખાલી હોઈ પોતાના અસલ પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિકાસ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય માણસ વર્ગને જીવન જીવવામાં ભયંકર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. શરૂઆતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મહીના દરમિયાનની ઉપરોક્ત રૂપિયા કામ મુજબ ચૂકવેલ આપકમાંથી ચુકવણ જશો, જે માટે સાથે ડાયરેક્ટ કોપરક પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની સેવ્યુટ્રા ઉપરાંત મેળવી આપના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
કાયમી ૧૫૦/- (ઓટો મોડવી કરાવી)
આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો.
જેના માટે આપે શરૂઆતમાં ૧૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
ત્રીજા ટ્રે વર્ષ માટે ૩૦૦૦/- (ઓટો મોડવી કરાવી)
આપનો કોડ ત્રીજા ટ્રે વર્ષ માટે રીન્યુ કરી શકશો.
જેના માટે આપે શરૂઆતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે.
આપનો કોડ રીન્યુ કરાવી હંમેશ કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	100/-	1st	750/-
2nd	70/-	2nd	500/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
Total	290/-	Total	1850/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો	ધનંજય ઝવેરી	શરદ જાદવ	રવિ પટેલ	અશોષ મોદી
	7575006847-48	7575006849	7574888860	7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

શ્રી નર્મદા જયંતિ મહોત્સવ નિમિત્તે ભાલોદ ગામે

આહ થી વાહ સુધી તેમજ મનોરંજન થી મનોમંથન સુધીનો
આજના વર્તમાન સમયમાં મા-બાપ અને સંતાનો, સાસુ અને વહુના હૃદય પરીવર્તન કરતો કાર્યક્રમ એટલે.....



માં-બાપનો ભૂલશો નહી

આંખમાથી આંસુ પડાવતો, હાથમાં રૂમાલ રાખવા મજબૂર કરતો
આ કાર્યક્રમથી કોઈ દિકરામાં રામ-શ્રવણ અને કોઈ વહુમાં જાનકી જાગી જાય...
જો...જો... રખે ન ચુકતા પોતાના સંતાનો, પરીવાર સાથે જાણો અને માણો...

કલાકાર
શ્રી અશ્વિનભાઈ ભાઈશંકરભાઈ જોશી

આમંત્રીત મહેમાન :- શ્રી લક્ષ્મણબાપુ બારોટ

તા-૧૨/૨/૨૦૧૯ મંગળવાર
સમયઃ- રાત્રે ૯-૦૦ કલાકે

-: સ્થળ :-
શ્રી ગાયત્રી મંદિર
ભાલોદ

-: આયોજક :-
સમસ્ત ભાલોદ ગામજનો
ભાલોદ



વલસાડ ગાયનેકોલોજીસ્ટ અને ઓબ્સ્ટેટ્રિશિયન એસોસિએશન દ્વારા

બેટી બચાવો, બેટી પઢાઓ અભિયાન બાબતે જન જાગૃતિ રેલી યોજાઈ





વલસાડની ૪૦ થી વધુ સ્વૈચ્છિક સામાજિક સંસ્થાઓ સહિત શહેરની વિવિધ શાળાઓ, કોલેજોના વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા

વલસાડ

વલસાડ ગાયનેકોલોજીસ્ટ અને ઓબ્સ્ટેટ્રિશિયન એસોસિએશન દ્વારા બેટી બચાવો બેટી પઢાઓ અભિયાન બાબતે જન જાગૃતિ લાવવાના શુભ આશયથી વલસાડના બાઈ આવાંબાઈ હાઈસ્કુલના મેદાન ખાતેથી જનજાગૃતિ રેલી કાઢવામાં આવી હતી. રેલીનું પ્રસ્થાન વલસાડ કલેક્ટર સી.આર. ખરસાણે લીલીઝંડી આપી કરાવ્યું હતું. આ રેલીમાં વિવિધ શાળાઓ, કોલેજના વિદ્યાર્થીઓ, સામાજીક સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ વિવિધ સમાજના અંદાજીત ત્રણ હજારથી વધુ લોકોએ રેલીમાં સમાજમાં દિકરીઓના જન્મદરમાં ઘટાડો, દિકરીઓ-દિકરાઓ વચ્ચેનો ભેદભાવ અને ભૃણ હત્યા રોકવાના બેનરો પોસ્ટરો સાથે ઉત્સાહભરે ભાગ લીધો હતો.

આ રેલી વલસાડ શહેરના બાઈ આવાં બાઈ હાઈસ્કુલના મેદાનથી નીકળી શહેરના ગૌરવપથ, આઝાદ ચોક, રામરોટી ચોકથી વલસાડ ગ્રામ્ય પોલિસ સ્ટેશન પાસેથી પસાર થઈ પરત મેદાને આવી પહોંચી હતી. મેદાનમાં યોજાયેલા કાર્યક્રમ દરમિયાન બેટી બચાવો બેટી પઢાઓ બાબતે તમામે શપથ ગ્રહણ કર્યા હતા.

ફેડરેશન ઓફ ગાયનેકોલોજીસ્ટ સોસાયટી ઓફ ઈન્ડિયા (ફોગસી) ના નેજા હેઠળ સમસ્ત રાષ્ટ્ર ભરમાં ૧૧૬થી વધુ જિલ્લા મુખ્ય મથકોએ બેટી બચાવો, બેટી પઢાઓ બાબતે જનજાગૃતિ લાવવના શુભ આશય સાથે રેલી કાઢવાના નિર્ણય અન્વયે વલસાડ ગાયનેકોલોજીસ્ટ અને ઓબ્સ્ટેટ્રિશિયન દ્વારા સંસ્થાના પ્રમુખ ડો. પરસી ખરાસ અને સેક્રેટરી ડો. યોગિની રોલેકરની આગેવાની હેઠળ જનજાગૃતિ રેલી યોજાઈ હતી.

બાઈ આવાંબાઈ હાઈસ્કુલની વિદ્યાર્થીની દ્વારા બેટી બચાવો થીમ પર ગીત રજૂ કરાયું હતું. તેમજ આર.એમ.વી.એમ શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા સ્ત્રી સ્વરૂપે સમાજમાં વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત મહિલાઓ અંગેની ઝલક રજૂ કરી ઉપસ્થિત સર્વેને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. સંજીવ દેસાઈએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા વલસાડ ગાયનેકોલોજીસ્ટ અને ઓબ્સ્ટેટ્રિશિયન એસોસિએશનના પ્રમુખ ડો. પરસી ખરાસ અને સેક્રેટરી, ડો. યોગિની બેન રોલેકર ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમમાં વલસાડ નગપાલિકા પ્રમુખ પંકજભાઈ આહીર, વલસાડ નગરપાલિકા શાસકપક્ષના નેતા સોનલબેન સોલંકી, વલસાડ મેડીકલ કોલેજના ડીન ડો. જી.આર. પટેલ, વલસાડ મીડિયા એશોસિએશના પ્રમુખ દિવ્યેશ પાંડે સહિત મોટી સંખ્યામા મેડીકલ રીપ્રેઝન્ટેટીવ હાજર રહ્યા હતા.

ડાંગ જિલ્લા પંચાયતના બે કર્મીઓ સેવાનિવૃત્ત થતા વિદાયમાન અપાયું

આહવા, તા.૨

ડાંગ જિલ્લા પંચાયતના બે કર્મચારીઓ ગત તા.૩૧મી ડીસેમ્બર, ૨૦૧૮નાં રોજ વયનિવૃત્ત થતા તેમને ભાવભર્યુ વિદાયમાન અપાયુ હતું.

ડાંગ જિલ્લા પંચાયતની શિક્ષણ શાખામાં નાયબ ચીટનીશ તરીકે ફરજ બજાવતા શ્રી જીતેન્દ્ર રમણીકલાલ શાહ છેલ્લા ૩૮ વર્ષથી ડાંગ જિલ્લા પંચાયતની જુદી જુદી શાખાઓમાં ફરજ બજાવીને વયનિવૃત્ત થયા છે. શ્રી શાહે સને ૧૯૮૧થી જિલ્લા પંચાયતમાં વિકાસ ઘટક, આઇ.સી.ડી.એસ., તાલુકા પંચાયત, આરોગ્ય, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, બાંધકામ, તથા શિક્ષણ શાખામાં તેમની સેવાઓ બજાવી હતી. જ્યારે તાલુકા આરોગ્ય કચેરીના ફીમેલ હેલ્થ સુપરવાઇઝર તરીકે સેવા બજાવીને વયનિવૃત્ત થયેલા શ્રીમતી સોનીબેન ભોયેને, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના અધ્યક્ષા શ્રીમતી મનીષાબેન ગાંગુર્ડા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી ટી.આર.અસારી, કાર્યપાલક ઇજનેર શ્રી જી.એ.પટેલ, હિસાબી અધિકારી શ્રી આર.બી.ચૌધરી, ખેતીવાડી અધિકારી શ્રી સુનિલ પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી એસ.એલ.પવાર સહિત વિવિધ શાખાના કર્મચારીઓ વિગેરે મહાનુભાવોના હસ્તે નિવૃત્તિ વિદયામાન અપાયુ હતુ. ઉલ્લેખનિય છે કે શ્રીમતી સોનીબેન ભોયેએ ડાંગ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખામાં સને ૧૯૮૪માં ફીમેલ હેલ્થ વર્કર તરીકે ગાઢવી ગામેથી તેમની સેવાની શરૂઆત કરી હતી. ત્યાર જિલ્લાના ચિંચલી ખાતે, અને ફીમેલ હેલ્થ સુપરવાઇઝર તરીકે બઢતી મળતા પ્રથમ ગારખડી, અને ત્યાર બાદ પીપલદહાડ, તથા ગાઢવી ખાતે તેમની સેવાઓ બજાવી હતી. તેમણે કુલ ૩૪ વર્ષ ઉપરાંત સેવા બજાવી હતી.

મહાનુભાવોએ નિવૃત્તિ લઇ રહેલા કર્મચારીઓની સેવાને બિરદાવી તેમનુ નિવૃત્ત જીવન તંદુરસ્ત, સુખમય અને નિરોગી રહે તેવી શુભકામના પાઠવી હતી. શાલ, શ્રીફળ અને સુકન સાથે વિદાઇ લઇ રહેલા આ કર્મચારીઓએ તેમની સેવાઓ દરમિયાનના સંસ્મરણો વાગોળી, કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. વિદાય સમારંભના કાર્યઆયોજન માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રીના અંગત મદદનીશ શ્રી કિરીટ પટેલ તથા તેમની ટીમે જહેમત ઉઠાવી હતી.

કોસંબા ખાતે જીવીકે ૧૦૮ પ્રોજેકટના કર્મીઓ દ્વારા ન્યુ યર રેસોલુસણ એક્ટીવીટી કરાઇ



વલસાડ

વલસાડ નવસારી અને ડાંગ જિલ્લાના જી.વી.કે. ઇ.એમ.આર.આઇ. ૧૦૮ પ્રોજેક્ટના કર્મચારીઓ દ્વારા સ્વામીનારાયણ મંદિર-કોસંબા ખાતે ન્યુ યર રેસોલુસણ એક્ટીવીટી કરવામાં આવી હતી. આ અવસરે તમામ કર્મચારીઓએ નવા વર્ષમાં દર્દીઓની સારામાં સારી સેવા કરી ગુજરાત અને દેશનું ગૌરવ વધે તેવો પ્રયાસ કરીશું. આ કાર્યક્રમમાં મેડીકલ ઓફિસર ડો. સંદીપ નાયક, સ્વામીનારાણ મંદિર-કોસંબાના સ્વામી, ૧૦૮ પ્રોગ્રામ મેનેજર અભિષેક ઠાકર તેમજ જિલ્લા કો-ઓર્ડિનેટરો હાજર રહ્યા હતા.

દક્ષિણ ગુજરાતમાં ઠંડી વધુ : નવસારીમાં ૭ ડિગ્રી તાપમાન

સુરત

જમ્મુ કાશ્મીર સહિત સમગ્ર ઉત્તર ભારતમાં હિમવર્ષા સાથે કાતિલ ઠંડીનું મોજુ ફરી વધ્યું છે. ઉત્તર દિશાથી ફૂંકાતી શીતલહેરની અસર રાજ્યના તમામ જિલ્લામાં થઈ રહી છે. દક્ષિણ ગુજરાતમાં ફરી ઠંડીનો ચમકારો વધતા નવસારીમાં ન્યુનત્તમ તાપમાન ૭ ડિગ્રી નોંધાયું છે. જે સમગ્ર રાજ્યમાં સૌથી ઓછું છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૨.૬ ડિગ્રી તેમજ ન્યુનત્તમ તાપમાન ૧૫ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૬૭ ટકા અને હવાનું દબાણ ૧૦૧૯.૮ મીલીબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તર દિશાથી કલાકના ૨ કિલોમીટરની ઝડપે ઠંડો પવન ફૂંકાઈ રહ્યો છે સુરત શહેરમાં ગતરોજની સરખામણીએ આજે બે ડિગ્રી તાપમાન વધ્યું છે. તેમ છતાં મળસ્કે ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે ઠંડીનો ચમકારો ૭ ડિગ્રી નોંધાયો છે. ગતરોજ ન્યુનત્તમ તાપમાન ૮ ડિગ્રી નોંધાયું હતું. ગતરોજની સરખામણીએ ૧ ડિગ્રી તાપમાન ઘટવાની સાથે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ઠંડી નવસારીમાં નોંધાઈ છે. રાજ્યમાં ગાંધીનગર ખાતે ૭.૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે. સમગ્ર રાજ્યમાં સૌથી ઓછું તાપમાન નવસારીમાં ૭ ડિગ્રી નોંધાયું છે.વલસાડ હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૧૧.૧ ડિગ્રી નોંધાયું છે. ગતરોજની સરખામણીએ આજે વલસાડમાં તાપમાન યથાવત છે. ઉત્તર દિશાની હવાના લીધે ઠંડીનો ચમકારો વધ્યો છે. આગામી બે ત્રણ દિવસ બાદ ઠંડી ઘટે તેવી શક્યતા છે.













અગિયારમાં ચરણના રાજ્યવ્યાપી ગરીબ કલ્યાણ મેળાનો આજથી પ્રારંભ થશે

તા. ૩-૪ અને ૮ જાન્યુઆરી-૨૦૧૯ દરમ્યાન ૩૩ જિલ્લામાં ૩૯ ગરીબ કલ્યાણ મેળા

મુખ્યમંત્રી સાગરકાંઠાના જિલ્લા પોરબંદરથી કરાવશે શુભારંભઃ નાયબ મુખ્યમંત્રી મહેસાણા જિલ્લામાં ઉપસ્થિત રહેશે

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી આવતીકાલ ગુરૂવાર તા.૩ જાન્યુઆરી-૨૦૧૯ના પોરબંદરથી રાજ્યવ્યાપી ગરીબ કલ્યાણ મેળાના ૧૧માં ચરણનો પ્રારંભ કરાવશે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના અંત્યોદય-છેવાડાના માનવીના સર્વાંગી ઉત્થાન અને ગ્રામ સ્વરાજના ઉદ્દેશોને પાર પાડવા ૨૦૦૯થી ગરીબોના સશકિતકરણ માટેનો આ સેવા યજ્ઞ શરૂ કરવામાં આવ્યો છે.

રાજ્ય સરકારની વિવિધ વ્યકિતલક્ષી સહાયના લાભાર્થીઓને ગરીબ કલ્યાણ મેળા દ્વારા એક જ છત્ર-અંડર વન વન અમ્બ્રેલા બધા લાભ કોઇપણ જાતના વચેટિયા વગર સીધા પારદર્શી રીતે મળી રહે તે હેતુસર વર્તમાન વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઇ મોદીએ આ ગરીબ કલ્યાણ મેળાનો નવતર અભિગમ વિકસાવેલો છે.

૨૦૦૯થી શરૂ થયેલા ગરીબ કલ્યાણ મેળાઓમાં અત્યાર સુધીમાં ૧૦ ગરીબ કલ્યાણ મેળાની રાજ્યવ્યાપી શૃંખલામાં ૧૪૯૧ મેળાઓ દ્વારા ૧.૩૪ કરોડ લાભાર્થીઓને રૂ. ૨૩૮૯.૬૨ કરોડની સાધન-સહાય પૂરી પાડવામાં આવી છે.

આ મેળાઓમાં સમગ્રતયા ૧૩.૯૨ લાખ અનુસૂચિત જાતિ, ૩૪.૫૯ લાખ અનુસૂચિત જનજાતિ તથા ૬૨.૫૫ લાખ મહિલા લાભાર્થીઓને પણ આવરી લેવાયા છે.

આ વર્ષે ગરીબ કલ્યાણ મેળાની ૧૧મી કડી તા.૩-૪ અને ૮ જાન્યુઆરી-૨૦૧૯ એમ ત્રણ દિવસો દરમ્યાન રાજ્યમાં યોજાશે. આ ૧૧મી કડીમાં અંદાજે ૧૧ લાખ ૮૩ હજાર લાભાર્થીઓ-દરિદ્રનારાયણને રૂ. ૨૩૦૭ કરોડના સાધન-સહાયનું રાજ્યવ્યાપી વિતરણ થવાનું છે. ૩૩ જિલ્લાઓમાં ૩૯ ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના તમામ પ્રાંત, તાલુકા, નગરપાલિકાઓ તથા મહાનગરપાલિકાઓમાં પણ આ મેળાઓ યોજવામાં આવશે.

મુખ્યમંત્રી આવતીકાલે ગરીબ કલ્યાણ મેળાના રાજ્યવ્યાપી પ્રારંભે સૌરાષ્ટ્રના સાગરકાંઠાના જિલ્લા પોરબંદરમાં તેમજ તા.૪ થી જાન્યુઆરીએ અછતગ્રસ્ત વિસ્તાર કચ્છના ભૂજ ખાતેના ગરીબ કલ્યાણ મેળામાં ઉપસ્થિત રહી સાધન-સહાયના લાભોનું વિતરણ કરશે.

તેઓ પોરબંદરમાં કુલ ૩૪૧૪ લાભાર્થીઓને રૂ. ૧૨ કરોડ ૭૪ લાખની સહાય-સાધન આવતીકાલે ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી આપવાના છે.

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ તા.૩ જાન્યુઆરીએ મહેસાણામાં તથા તા.૪ જાન્યુઆરીએ અમદાવાદ મહાનગરના ગરીબ કલ્યાણ મેળામાં ઉપસ્થિત રહેશે.

રાજ્યના ગરીબી રેખા હેઠળના લોકોનું જીવનધોરણ ઊંચું લાવવા માટે અને તેમનો સર્વાંગી વિકાસ કરી સ્વનિર્ભર બનાવવાના આશયથી આ વર્ષે રૂ. ૨૦ હજાર સુધીની મર્યાદામાં આખા આંટાનું સિલાઇ મશીન, કડીયાકામની કીટ, પ્લમ્બર અને વેલ્ડરો માટે નવી ટેકનોલોજી પ્રમાણેના સાધનો તથા ખાસ કરીને મહિલાઓ રાજ્યની આર્થિક પ્રગતિમાં સ્વમાનભેર ભાગીદાર થાય તે માટે સખીમંડળોને રૂ. ૪૭૦૦૦ની મર્યાદામાં પેપર કપ, પેપર ડીશ, મસાલા યુનિટ, બ્યુટી પાર્લર, મસાજ વગેરે કીટની સહાય આપવામાં આવશે.

ગરીબ કલ્યાણ મેળામાં નવતર અભિગમ અપનાવીને આ વર્ષે ઉજવલા યોજના હેઠળના લાભાર્થીઓને ગેસ કનેકશન તથા રસોઇ માટે સ્ટેનલેસ સ્ટીલનું ૫ લીટરનું પ્રેસર કુકર રાજ્ય સરકાર આપશે. આ સેવાયજ્ઞથી રાજ્યના ગરીબોના સશકિતકરણ અને આર્થિક ઉન્નતિનો વધુ ઉન્નત માર્ગ બની રહેવાનો છે.

ગરીબ કલ્યાણ મેળાના આ ત્રિદિવસીય જનકલ્યાણ અભિયાનમાં ગરીબી નિર્મૂલનની સેવાભાવના સાથે રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓ-પદાધિકારીઓ પણ જોડાવાના છે.

રાજ્યમાં વિવિધ જિલ્લાઓમાં તા.૩ જાન્યુઆરીએ યોજાનારા ગરીબ કલ્યાણ મેળાઓમાં શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, અમદાવાદમાં, નાગરિક પુરવઠા મંત્રી જયેશભાઇ રાદડિયા, રાજકોટ મહાનગરમાં, શ્રમ રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોર, ગાંધીનગર મહાનગરમાં, સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી ઇશ્વરભાઇ પરમાર-નવસારીમાં, સિંચાઇ રાજ્યમંત્રી પરબતભાઇ પટેલ-બનાસકાંઠામાં, ગ્રામ વિકાસ રાજ્યમંત્રી બચુભાઇ ખાબડ-દાહોદમાં, રાજ્યમંત્રી વાસણભાઇ આહિર-ખંભાળીયામાં જ્યારે રાજ્યમંત્રી વિભાવરીબેન દવે-ભાવનગર મહાનગરમાં અને રાજ્યમંત્રી કિશોરભાઇ કાનાણી-તાપી જિલ્લામાં અને વિધાનસભાના મુખ્ય દંડક પંકજભાઇ દેસાઇ-વડોદરામાં ગરીબ કલ્યાણ મેળામાં ઉપસ્થિત રહેશે.

ગરીબ કલ્યાણ મેળાના બીજા દિવસે તા. ૪ જાન્યુઆરીએ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા-આણંદમાં, મહેસૂલ મંત્રી કૌશિકભાઇ પટેલ-હિંમતનગરમાં, ઉર્જા મંત્રી સૌરભભાઇ પટેલ-ભાવનગરમાં, અન્ન, નાગરિક પુરવઠા મંત્રી જયેશભાઇ રાદડિયા-રાજકોટમાં, શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોર, પાટણમાં, સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી ઇશ્વરભાઇ પરમાર, રાજપીપળામાં, પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઇ બાવળીયા, જામનગર મ્યુ. કોર્પોરેશનમાં, કૃષિ રાજ્ય મંત્રી જયદ્રથસિંહ પરમાર, ગોધરામાં, મહિલા અને બાળવિકાસ રાજ્ય મંત્રી વિભાવરીબેન દવે, વેરાવળમાં, આરોગ્ય રાજ્ય મંત્રી કિશોરભાઇ કાનાણી, સુરતમાં, રાજ્ય મંત્રી રમણભાઇ પાટકર, ડાંગ-આહવામાં, મુખ્ય દંડક પંકજભાઇ દેસાઇ, નડીયાદમાં તથા સહકાર રાજ્ય મંત્રી ઇશ્વરસિંહ પટેલ, ભરુચમાં ઉપસ્થિત રહી લાભ-સહાયનું વિતરણ કરશે. ગરીબ કલ્યાણ મેળાની ૧૧મી કડીના અંતિમ દિવસે તા.૮ મી જાન્યુઆરીએ રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ કૃષિ મંત્રી આર. સી. ફળદુ અમરેલીમાં, મહેસૂલ મંત્રી કૌશિકભાઇ પટેલ અમદાવાદમાં, ઊર્જા મંત્રી સૌરભભાઇ પટેલ બોટાદમાં, સામાજિક ન્યાય મંત્રી ઇશ્વરભાઇ પરમાર સુરત મહાનગરમાં, પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઇ બાવળીયા સુરેન્દ્રનગરમાં પાણી પુરવઠા રાજ્ય મંત્રી પરબતભાઇ પટેલ અરવલ્લીમાં, કૃષિ રાજ્ય મંત્રી જયદ્રથસિંહ પરમાર મહીસાગરમાં, રાજ્ય મંત્રી વાસણભાઇ આહિર જામનગરમાં, રાજ્ય મંત્રી શ્રી રમણભાઇ પાટકર વલસાડમાં, કિશોરભાઇ કાનાણી મોરબીમાં, નાયબ મુખ્ય દંડક આર. સી. પટેલ છોટાઉદેપુરમાં ઉપસ્થિત રહેવાના છે. રાજ્ય સરકારના વિવિધ બોર્ડ નિગમોના અધ્યક્ષો-ઉપાધ્યક્ષો અને મહાનગરના મેયરો પણ ગરીબ કલ્યાણ મેળાના વિવિધ સ્થળોએ ઉપસ્થિત રહેશે.

सूरत शहर के लोहे के सबसे पुराने,
ESSAR 24 CARAT STEEL
प्रतिष्ठित व्यापारी BALBIR
लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट, एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट, पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार, ब्राइट बार, पाईप एवं लोहे की प्रत्येक आइटम के 45 वर्ष से विश्वसनीय व्यापारी
सेल SAIL
शाह एन्ड कंपनी
JINDAL
रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना

Advance Furniture & Interior Point
BASIC PACKAGE | ECONOMY PACKAGE | PREMIUM PACKAGE
2BHK FULL FURNITURE 3,99,999/- | 2BHK FULL FURNITURE 6,49,000/- | 2BHK FULL FURNITURE 7,99,999/-
3BHK FULL FURNITURE 5,25,000/- | 3BHK FULL FURNITURE 7,99,999/- | 3BHK FULL FURNITURE 9,99,999/-
કલર, પી.ઓ.પી., ઈલેકટ્રીક તથા દરેક પ્રકારનું ઈન્ટિરીયર વર્ક કરી આપવામાં આવશે.
૧૨૯, રાજવર્લ્ડ શોપીંગ સેન્ટર, નિલકંઠ રેસીડેન્સીની સામે, પાલનપુર કેનાલ રોડ, અડાજણ, સુરત. Mo: 99781 85706, 99781 85709 SUNDAY OPEN

જય અંબે યાત્રા સંઘ આયોજિત
કાશી સાથે નેપાળ રૂ.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ રૂ.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેદ્યુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી રૂ.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઈટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય વ્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યકિત માટે રૂમ આપવામાં આવશે.
સંપર્કઃ જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

મઢીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશનાં દુખાવા માટે અસરકારક
022-24147642
022-24147643
ઉત્પાદકઃ
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

meriko
ફ્લેટ - બંગલા - ઓફિસના ફર્નીચર માટે ઉત્તમ કવોલીટીનું પ્લાયવુડ
- મેરીનો લેમીનેટ સીટસ્
- 100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
- સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
- કુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
- બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
- Ex-cel પી.વી.સી. સીટ
- ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F. સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ

જથ્થાબંધ ભાવે મળશે.
ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .

GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ અને લંબચોરસ પાઈપો
IBR પાઈપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ ● E-mail : info@mugatlalbsons.com

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીના રાજીનામાંની માંગ સાથે કોંગ્રેસ પાર્ટી દ્વારા વિરોધ પ્રદર્શન કરાયું:પોલીસે કાર્યકરોની કરી અટકાયત





ભરૂચ કલેકટરાલય ખાતે ભ્રષ્ટાચારી સરકારનું નેતૃત્વ કરતા મુખ્યમંત્રી વિજય રૂપાણીના રાજીનામાની માંગ સાથે કોંગી કાર્યકરો અને હોદ્દેદારો મોટી સંખ્યામાં ઘસી આવતા પોલીસ દ્વારા કલેકટર કચેરી કિલ્લેબંધીમાં ફેરવાયું હતું.

ગુજરાત રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જાહેર સમારંભમાં સૌથી વધુ ભ્રષ્ટાચાર મહેસુલ વિભાગ અને ગૃહ વિભાગમાં હોવાના કરેલા નિવેદન હકીકતમાં ભ્રષ્ટાચારમાં ગળા ડુબ ભાજપાના ૨૩ વર્ષના શાસનનું સ્વીકારનામું છે. રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સરકારી કાર્યક્રમમાં જ સ્વીકાર્યું કે, "મહેસુલ વિભાગ અને ગૃહ વિભાગ અને અન્ય વિભાગોમાં સૌથી વધારે ભ્રષ્ટાચાર છે.૨૫ વર્ષ પહેલાં આવું ન હતું. ત્યારે ભ્રષ્ટાચારી સરકારનું નેતૃત્વ કરતાં મુખ્યમંત્રીના રાજીનામાની માંગ સાથે ભરૂચ કલેકટર કચેરી સાથે રાજય વ્યાપી ધરણાં-પ્રદર્શન બાદ વિરોધ પ્રદર્શન યોજાયું હતું.

ભરૂચ શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ પરિમલસિંહ રણાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં છેલ્લા ૨૩ વર્ષથી શાસન કરી રહેલા ભાજપાના ભ્રષ્ટાચારી મોડેલ "ગામથી લઈને ગાંધીનગર અને શહેરથી લઈને સચીવાલય સુધી"ભ્રષ્ટાચારના ફાયબર ઓપ્ટીક એટલે કે હમારાજ ચાલી રહ્યું છે. રાજયના શિક્ષણ,આરોગ્ય,શ્રમ અને રોજગાર,ગૃહ,મહેસુલ,કૃષિ, ઉદ્યોગ,વાહન વ્યવહાર, જળસંપત્તી,આદિજાતિ,સમાજ કલ્યાણ,ઉર્જા, શહેરી વિકાસ, અન્ન નાગરિક પુરવઠા સહિતના તમામ વિભાગોમાં ભ્રષ્ટાચાર ચાલે છે જેને ભાજપે શિષ્ટાચાર બનાવી દીધો છે.

ભાજપે મગફળી કૌભાંડ જેવા અનેક કરોડોના કૌભાંડો સાથે નોતબંધી અને જી.એસ.ટી. આઝાદીપછીનું સૌથી મોતું કૌભાંડ છે.ત્યારે રાજય વ્યાપી ભ્રષ્ટાચાર અંગે ગુજરાતના મુખ્યમંત્રીનું જ નિવેદન દર્શાવે છે કે ભ્રષ્ટાચારમાં સમગ્ર સરકાર ડૂબી ગઈ છે.રાજયના મુખ્યમંત્રીનું આ સ્વીકારનામું પછી ગુજરાતની જનતા જાણવા માંગે છે. જેના વિરોધમાં ભ્રષ્ટાચારી સરકારનું નેતૃત્વ કરતાં મુખ્યમંત્રી ના રાજીનામાની માંગ સાથે ભરૂચ કોંગ્રેસ પાર્ટી દ્વારા કલેકટર કચેરી ખાતે મોટી સંખ્યામાં કાર્યકરો-આગેવાનો સાથે રાજ્ય વ્યાપી ધરણા પ્રદર્શનમાં ધારાસભ્યો, કાર્યકર, આગેવાનો મોટી સંખ્યામાં હજાર રહ્યા હતા. પરંતુ તેમને પોલીસની પરવાનગી ના હોવાથી કલેકટર કચેરી પોલીસ છાવણીમાં ફેરવાઈ ગઈ હતી. વિરોધ કરી રહેલા કાર્યકરોએ કચેરીમાં પ્રવેશવાનો પ્રયત્ન કરતા પોલીસ અને કાર્યકરો વચ્ચે ઘર્ષણ ના દ્રશ્યો સર્જાયા હતા.આખરે પોલીસે કોંગી કાર્યકરોની અટકાયત કરી પોલીસ મથકે લઈ જવામાં આવ્યા હતા.

ભરૂચ પાલિકા દ્વારા ભૂગર્ભ ગટર લાઈન નાખવા જાહેર માર્ગોને તોડી નાખવામાં આવ્યા હોવાથી લોકોને ભારે હાલાકી:વિપક્ષના નેતાએ વહેલી તકે ખાડાઓ પુરી કામગરી કરવાની માંગ.



ભરૂચ નગરપાલિકા દ્વારા શેહેરમાં ચાલતા વિકાસના કામોજેવા કે રોડ,ભૂગર્ભ ગટર લાઈન વિગેરે બાબતે કરાયેલ ખોદકામોમાં યોગ્ય રીતે, યોગ્ય સમયે પુરાણ કરી રીપેરીંગના હાથ ધરાતા આખરે કંટાળીને પાલિકા કોર્પોરેટરે પાલીકા ચીફ ઓફિસરને રજૂઆત કરી તત્કાલ રીપેરીંગ કરાવવા માંગ કરી હતી.

ભરૂચ નગરપાલિકાન કોંગી કોર્પોરેટર અને વિપક્ષના નેતા શમસાદઅલી સૈયદ દ્વારા પોતાના વિસ્તારની સમસ્યાને ધ્યાને લઈ પ્રજાને પડતી મુશ્કેલી નિવારવા પાલીકા ખાતે ચીફ ઓફીસરને રજૂઆત અકરી હતી. તેમણે કરેલ રજૂઆતમાં ભરૂચ પાલિકાની હદમાં આવેલ અને શહેરના ફાટાતળાવ ઢાળથી હોલી એન્જલ કોનવેન્ટ સ્કુલ સુધી એક બાજુનો રોડ ખોદવામાં આવ્યો છે. શહેરના વિવિધ વિસ્તારોમાં રોડ ખોદી કાઢવામાં આવ્યા છે. જ્યાં રોડની કામગીરી પુરી થઈ હોવા છતાં તંત્ર દ્વારા માત્ર માટી પુરાણ કરી આ રોડ જેમના તેમ છોડી દેવામાં આવતા આવન- જાવન કરતા વાહન ચાલકો આખારોડનો ઉપયોગ કરી શકતા નથી. વળી એક જ સાઈડના રોડ ઉપરની અવર-જવરના પગલે ટ્રાફિક જામની સમસ્યા વારંવાર સર્જાવા પામતા પ્રજાએ હાલાકી વેઠવી પડી રહી છે. રોડ ઉપરની માટી ઉડવાના પગલે વાહન ચાલકો સહિતનાઓને અકસ્માત નો ભોગ બનવું પડે છે. માટે તાકીદે રીપેરીંગ કરવાની માંગ ઉઠાવી રજૂઆત કરી હતી. સાથે સાથે જો આગામી ચાર દિવસોમાં તમામ ખોદાયેલા રોડ ઉપર રીપેરીગ નહીં કરાય તો આંદોલન કરાશેની ચિમકી પણ ઉચ્ચારી હતી.

ભરૂચમાં પુનઃ સ્પર્ધાત્મક પરીક્ષાના એક માસ માટેના તાલીમ વર્ગોનો શુભારંભ કરાયો



ભરૂચ ખાતે માં મણિબા સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ,નવેઠા અને નર્મદા એજ્યુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ, ભરૂચ ધ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાના એક માસ માટે વિના મૂલ્યે તાલીમ વર્ગનું આયોજન થતા મંગળવારના રોજ શુભારંભ થયો હતો.

ભરૂચ જિલ્લાના યુવાનો તલાટી તથા બિનસચિવાલય કલાર્કની સ્પર્ધાત્મક પરીક્ષા આપી સફળ થાય તે માટે સ્પર્ધાત્મક પરીક્ષાના વિના મૂલ્યે તાલીમ વર્ગનું આયોજન થતા મંગળવારના રોજ નીલકંઠ ઉપવન ખાતે શુભારંભ યોજયો હતો.જે તાલીમ વર્ગો બુધવારને ૨ જાન્યુઆરીથી સવાર અને બપોરે એમ બે શેસનમાં તાલીમ વર્ગ ચાલશે જેમાં અંદાજે ૨૪૫ થી વધુ તાલીમાર્થી ઓને યુવા ઉપનિષદ ફાઉન્ડેશન, સુરતના તજજ્ઞો સ્પર્ધાત્મક પરીક્ષાના વિવિધ વિષયો અંગે માર્ગદર્શન આપનાર છે. કાર્યક્રમના શુભારંભમાં ભરૂચના ધારાસભ્ય દુષ્યંત પટેલ, કલેકટર રવીકુમાર અરોરા, ડીડીઓ ક્ષિપ્રા આગ્રે,ડીઈઓ નવનીત મહેતા, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પરિમલસિંહ રણા, સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓ એ તાલીમાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.જ્યારે માં મણિબા સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ધનજી પરમાર તથા નર્મદા એજ્યુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટના પ્રમુખ નરેશ ઠક્કરે પણ તાલીમાર્થીઓને પ્રોત્સાહન સાથે શુભેચ્છાઓ આપી હતી.

ભરૂચ એ ડિવિઝન પોલીસે પ્રોહીબીશનના ગુન્હામાં નાસતો ફરતો આરોપીને ઝડપી પાડ્યો



ભરૂચ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાની સૂચના અને માર્ગદર્શન હેઠળ શહેર અને જિલ્લામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓને પકડી પાડવાની ડ્રાઈવ દરમિયાન તાપી જિલ્લામાં દારૂની હેરા ફેરીના કેસમાં પકડાયેલા ઈસમોએ ભરૂચના કુખ્યાત બુટલેગર નયન કાયસ્થનું નામ ખોલ્યું હતું.ત્યાર બાદ નયન ને પકડ્યા બાદ સદર માલ ભરૂચના બુટલેગર બબુલ પાટણવાડિયા તથા માજી ભાજપા મહામંત્રી હર્ષકાંત ગાંધીના પુત્ર અક્ષય હર્ષકાંત ગાંધી નું નામ ખોલતા રાજકીય બેડામાં ચકચાર મચી જવા પામી છે.

સદર આરોપીની ભરૂચ એ ડિવિઝન પોલીસ મથકના પીઆઈ એન.કે.ગોસ્વામી તથા સ્ટાફે બાતમીના આધારે પંચબત્તી ખાતે આવતા પકડી લેવામાં આવ્યો છે.જેની પોલીસે સીઆરપીસી કલમ ૪૧(૧)આઈ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને તાપી જિલ્લાની કાકરપાર પોલીસને સોંપી દીધો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભાજપા ના પ્રતિષ્ઠિત વ્યક્તિ ના પુત્ર નું નામ ખોલવામાં કોઈ અંગત અદાવત ને નકારી ન શકાય.











ગરુડેશ્વર તાલુકાના ઉમરવા જોષી ગામને અલગ ગ્રામપંચાયત નો દરજ્જો આપવા માંગ

અમારા ગામમાં વર્ષોથી કોઈ વિકાસનું કામ થયું નથી અમે અમારા વગ પ્રમાણે તાલુકામાંથી કામ લાવીએ છે પણ ગ્રામપંચાયતનો કોઈ ફાયદો નથી અમારે ગ્રામપંચાયતની સંખ્યા છે તો અલગ ગ્રામપંચાયત આપવામાં આવે એવી અમારી માંગ છે. અમે વિકાસ કમિશનરમાં રજૂઆત કરી કલેક્ટરને રજૂઆત કરી જે બાબતે જરૂરી કાર્યવાહી કરવા માટે સૂચના આપી છે પણ તાલુકા,જિલ્લા લેવલેથી જરૂરી કામગીરી થતી નથી એટલે અમે ઉગ્ર આંદોલન કરવા મજબુર બન્યા છે આગામી લોકસભા સુધીમાં અમારી ગ્રામપંચાયત અલગ ન થઈ તો ચૂંટણીનો બહિષ્કાર કરીશું! - રણજીત તડવી ઉમરવાજોષી

આગામી લોકસભા પહેલા ઉમરવાજોષી ગામને અલગ ગ્રામપંચાયતનો દરજ્જો નહિ મળે તો લોકસભાની ચૂંટણીનો બહિષ્કાર કરી ઉગ્ર આંદોલન કરીશુંની ચીમકી

રાજપીપળા : ગરુડેશ્વર તાલુકાના મોટાઆંબા ગ્રામપંચાયતમાં ઉમેરવાજોષી, મંડાણ અને ચિનકુવા ગામો આવેલા છે,જેમાં ઉમેરવાજોષી જ મોટું ગામ છે જેની વસ્તી ૧૦૦૦ થી વધુ છે જયારે મંડાણ અને ચિનકુવાને ભેગું કરીયે તો ૨૦૦૦, ૨૫૦૦ થી વધુ વસ્તી થાય ત્યારે આ ામોને અલગ સ્વતંત્ર દરજ્જો મળે અલગ ગ્રામ પંચાયત મળે એ માટે ગ્રામજનો એ જિલ્લા કલેક્ટર, વિકાસ કમિશનર ગાંધીનગરને લેખિતમાં રજૂઆત કરી છે અને જો આગામી લોકસભા પહેલા ઉમરવાજોષી ગામને અલગ ગ્રામપંચાયતનો દર્જો નહિ મળે તો લોકસભાની ચૂંટણીનો બહિષ્કાર કરી ઉગ્ર આંદોલન કરીશુંની ચીમકી આપી છે.

નર્મદા જિલ્લામાં અપવાદરૂપ આ એક ગ્રામપંચાયત છે કે મોટાઆંબા ગામથી લગભગ ૪ કિમિ દૂર ઉમેરવાજોષી ગામ આવે છે, જયાંથી ૫ કિમિ દૂર મંડાણ ગામ આવે છે અને ૭ થી ૧૦ કિમિ દૂર ચિનકુવા ગામ આવે છે જોકે આ ગામોની વચ્ચે ચાર ગ્રામપંચાયતો આવે છે તો આટલી દૂર ગ્રામપંચાયત અને દૂર ગામોના કોઈ પણ કામ હોય તો કેટલે દૂર જવું પડે માટે ગ્રામપંચાયતનો અલગ દરજ્જો હોય તો ગામનો વિકાસ થાય એમ છે. જેથી ગ્રામપંચાયતે અલગ ગ્રામપંચાયતના દરજ્જાની ઉગ્ર માંગ કરી છે.

રાજપીપળા દોલત બજારમાં શ્રીમદ ભાગવત સપ્તાહનું આયોજન, ભદ્રેશભાઈ દવેના મધુર કંઠે કથા સાંભળતા ભક્તો

તારીખ ૩૦ ડિસેમ્બરથી મનીષાબેન બ્રહ્મભટ્ટ દ્વારા આયોજન કરાયેલી કથા ૫ જાન્યુઆરી એ પૂર્ણ થશે

રાજપીપળા: રાજપીપળા દોલત બજારમાં આવેલા શિવશક્તિ ધામ ખાતે ગત તારીખ ૩૦ ડિમ્બરથી શ્રીમદ ભાગવત સપ્તાહની શરૂઆત થઈ હોય શ્રી ભદ્રેશભાઈ દવે ના મધુર કાંઠે શરુ કરાયેલી આ કથા નું આયોજન ભવદીય મનીષાબેન બ્રહ્મભટે કર્યું છે ત્યારે હાલ ચાલી રહેલી કથામાં નૃસિંહ જન્મ,વામન જન્મ,રામ જન્મ,કૃષ્ણ જન્મ,ગોવર્ધન લીલા,રુક્મણિ વિવાહ સહિતના પ્રસંગોને તારીખ ૪ જાન્યુઆરી સુધીમાં શ્રી ભદ્રેશભાઈ દવે વયસપીઠ પરથી એમના મધુર કંઠે ભક્તો સુધી પોહ્ચાડશે ત્યારબાદ તારીખ ૫ જાન્યુઆરીએ કથાના વિરામ બાદ સવારે ૧૦ થી ૧૨ દરમિયાન હવન અને સાંજે ૭ કાળજે પોથીયાત્રા નીકળશે એમ કથાના આયોજક મનીષાબેન બ્રહ્મભટે જણાવ્યું હતું .

હળવદના કોમી આગચાંપીના બનાવમાં નાસતા ફરતા ભાજપના આઈટી સેલ પ્રમુખ સહિત ૨૦ ઝડપાયા

અદાલતના આદેશને પહલે હળવદ પોલીસ દ્વારા આરોપીઓને વીણી – વીણીને ઉપાડી લેવાયા : આઈટીસેલ પ્રમુખની અટકાયત થતા ભાજપ ચિંતામાં

હળવદમાં સપ્ટેમ્બર મહિનામાં કોમી અથડામણ બાદ દુકાનો અને ગોડાઉનમાં આગચંપીમાં સંડોવાયેલ અને નાસતા ફરતા હળવદ ભાજપના આઈટી સેલના પ્રમુખ સહિત ૨૦ આરોપીઓને અદાલતના આદેશ અન્વયે હળવદ પોલીસે ઝડપી લીધા હતા.

જાણવા મળ્યા મુજબ ગત તા. ૨૬ સપ્ટેમ્બરના રોજ હળવદમાં હિન્દૂ – મુસ્લિમ વચ્ચે થયેલા ઝઘડા બાદ દુકાન અને ગોડાઉનને આગચંપીના બનાવ બનેલ અને આ ગુન્હામાં અદાલતના આદેશ મુજબ હળવદ ભાજપના આઈટી સેલના પ્રમુખ હિતેશ લોરીયા સહિત વીસ આરોપીઓની અટકાયત કરી હોવાનું હળવદ પોલીસ ઈન્સપેકટર એમ. આર.સોલંકીએ જણાવ્યું હતું. વધુમાં હળવદ માર્કેટ યાર્ડના ભોજનાલય સંચાલક અને હળવદ ભાજપ આઈટી સેલના પ્રમુખ હિતેશ લોરિયાની અટકાયત થતા હળવદ ભાજપમાં સન્નાટો મચી જવા પામ્યો છે. તો સાથો સાથ આગામી સમયમાં લોકસભાની ચૂંટણી નજીક હોય ત્યારે મહત્વનું પાસુ ગણાતા સોશિયલ મિડિયાના જ હર્તાકર્તા એવા આઈટી સેલના પ્રમુખની ધરપકડ થતા હળવદ ભાજપમાં ચિંતાનો વિષય બન્યો છે.

કેવડિયા ગામે અચાનક અસરગ્રસ્તોની મુલાકાતે આવેલા મેધા પાટકરના આગમનથી પોલીસ દોડતી થઈ

કેવડિયા ગામે નર્મદા બચાવ આંદોલનના પ્રણેતા મેધા પાટકરે અસરગ્રસ્તોની મુલાકાત લીધી



રાજપીપળા : નર્મદા બચાવ આંદોલનના પ્રણેતા મેધા પાટકરે કેવડિયા ગામની મુલાકાત લીધી હતી, ગામના આગેવાનો સાથે બેઠક કરી સરકારની નીતિ ખેડૂત વિરોધી હોવાનું જણાવી સ્થાનિક ખેડૂતોની જમીનો લે એ ગેરવ્યાજબી છે આ બાબતે કોર્ટના દ્વાર ખખડાવાશે એમ કહી એક મોટા આંદોલનનું રણશિંગુ મેધા પાટકર દ્વારા ફૂંકવામાં આવ્યું છે ત્યારે ફરી આદિવાસીઓમાં જોશ આવ્યું છે.

આ બેઠકમાં મેધા પાટકરે જણાવ્યું હતું કે કેવડિયા ગામ સહીત ૬ ગામ નર્મદા બંધ અને વિયરડેમના ૭ ગામ આમ કુલ ૧૩ ગામો માટે સરકારે પેકેજ જાહેર કર્યું સાથે ભારત ભવનમાં જમીનો ગુમાવનાર અસરગ્રસ્તોને પણ જમીનો આપવામાં આવી પણ કોઈ પણ પ્રકારનો એવોર્ડ કે ડીક્લેરેશન આપવામાં આવ્યું નથી, સાથે જે જમીન ૬૧,૬૨ માં સંપાદિત થઈ છે, તો પણ આજ દિન સુધી ખેડૂત પાસે કબ્જો છે જે ભૂમિઅધિગ્રહણ ૨૦૧૩ ના નિયમ હેઠળ જેની માલિકી ખેડૂતની રહે છે એટલે હવે સરકાર આ જમીનો સંપાદિત ના ગણે ને જે સંપાદિત છે તેમાં જ વિકાસ કરે, ભારત ભવન સાથે જેટલા ભવનો બનાવે એટલા બનાવે પણ કેવડિયાકોલોની તોડીને જે તેમેની પાસે સંપાદિત જમીનોમાં બનાવે તો આદિવાસીઓને કોઈ વાંધો નથી આદિવાસી બહુ મૂર્ખ બન્યા હવે એક વેંત જમીન પણ નહિ આપે તેવી ચીમકી સરકારને આપી આદિવાસીઓને ખોટા વચનો આપી ભરમાવે છે તો હવે તેમનો હક કોર્ટના રાહે લઈશું તેમ મેધા પાટકરે કહ્યું હતું. મેધા પાટકરના આગમનથી પોલીસમાં પણ દોડધામ મચી હતી અને વહીવટી તંત્ર પણ એલર્ટ થઈ ગયું છે ત્યારે મેધા પાટકરે મુલાકાત લઈને આદિવાસીઓની લડતને એક દિશા પકડાવી છે. ત્યારે આ લડત કેવી રંગ લાવે છે તે જોવું રહ્યું.

નાસતા ફરતા આરોપી તથા ભોગબનનારને ઝડપી પાડતી ભરૂચ તાલુકા પોલીસ



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાનાઓની સુચના તેમજ તથા નાયબ પોલીસ અધિક્ષક ડી.પી.વાઘેલા નાઓ દ્વારા ભરૂચ જીલ્લાનાં નાસતા ફરતા આરોપીને પકડી પાડવા અંગેની ડ્રાઇવ ચાલુ હતી. દરમ્યાન અત્રેના ભરૂચ તાલુકા પો.સ્ટે.માં અરજદાર ભરતભાઈ બાબુભાઈ રાઠોડ રહે- વાંસી ગામ નવી નગરી ગુલામ દિવાન ફળીયું તા.જી. ભરૂચ નાઓએ કલેકટર ભરૂચ નાઓને સંબોધીને અરજી કરેલ જે અરજી પોલીસ અધિક્ષક ભરૂચ તરફથી ધર્મ પરીવર્તન કરવા પરવાનગી આપવા બાબતના વિષયવાળી અરજી આપેલ જે અરજીની તપાસ માટે અરજદારને બોલાવી તેઓને પુછપરછ કરતા તેઓનું મુળ વતન મીતી ગામ તા-માંગરોલ જી. જુનાગઢનુ હોય જેથી તેઓના વતનમાં તપાસ કરવા માટે શીલ પોલીસ સ્ટેશન જી.જુનાગઢ નાઓનો સંપર્ક કરી અરજદાર કોઈ ગુનામાં સંડોવાયેલ છે કે કેમ ? તેમજ તેનો કોઈ ગુનાહીત ઈતિહાસ છે કે કેમ? તે બાબતે તપાસ કરાવતા શીલ પો.સ્ટે. તરફથી જાણવા મળેલ કે આ ભરતભાઈ બાબુભાઈ રાઠોડ રહે- મીતી ગામ તા. માંગરોલ જી. જુનાગઢ નાઓ વિરૂધ્ધ શીલ પો.સ્ટે. ગુ.ર.નં.૧૭/૧૭ ૬ કલમ- ૩૬૩, ૩૬૬ પોક્સો એકટ કલમ-૪, ૮, ૧૨ મુજબનો તા-૧૬/૦૬/૧૭ ના રોજ દાખલ થયેલ છે. અને આ કામના આરોપી પોતાની ઓળખ છુપાવવા માટે અને ધર્મ પરિવર્તન કરી આ ગુનામાંથી આજીવન છટકી શકે તેવા હેતુથી ધર્મ પરિવર્તનની અરજી આપેલ હોવાનું ખરેખર જણાય આવેલ જેથી આ કામના આરોપી ભરતભાઈ બાબુભાઈ રાઠોડ રહે- વાંસી ગામ નવી નગરી ગુલામ દિવાન ફળીયું તા.જી. ભરૂચ મુળ વતન મીતી ગામ તા-માંગરોલ જી. જુનાગઢ નાઓને ભરૂચ તાલુકા પો.સ્ટે, નાઓએ આજરોજ તા.૦૨/૦૧/૨૦૧૯ ના કલાક ૧૬/૧૦ વા.ગ્યે ૮૨૦૯ કલમ-૪૧(૧)આઈ મુજબ અટક કરવામાં આવેલ છે. મજકુર આરોપી તથા ભોગબનાર તથા નાનો છોકરો ઉ.વ.૪ માસ નાઓનો કબ્જો લેવા સારૂ શીલ પો.સ્ટે.ને જાણ કરવામાં આવેલ છે.

વાલિયામાં ૭૦ જેટલાં લાભાર્થીઓને પ્રેશર કુકરનું વિતરણ કરવામાં આવ્યું



વાલિયા ગામમાં પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ અંત્યોદય યોજનાના આવેલ લાભાર્થીઓને ગરીબ કલ્યાણ મેળા અંતર્ગત કુલ ૨૫૯ પૈકી ૭૦ લાભાર્થી બહેનોને વાલિયાના મામલતદાર કચેરી ખાતે પ્રેશર કુકરનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સદર પ્રેશર કુકર વિતરણ કાર્યક્રમમાં પુરવઠા શાખાના નાયબ મામલતદાર નવનીત પટેલ તેમજ વાલિયા તાલુકા ભાજપના પ્રમુખ યોગેન્દ્રસિંહ મહિડા વાલિયા તાલુકા ભાજપના મહામંત્રી સેવંતુ વસાવાએ હાજર રહીને તેમના હસ્તે લાભાર્થી બહેનોને પ્રેશર કુકરનું વિતરણ કરવામાં આવ્યું હતું.









ભાજપ શાસનમાં ભ્રષ્ટાચાર ખદબદી રહ્યો છે, નિષ્ફળ સી.એમ રાજીનામુ આપે : કોંગ્રેસ



રાજપીપળામાં કોંગ્રેસના ધરણા પ્રદર્શન સાથે સરકાર વિરોધી સુત્રોચ્ચાર કરાયા

રાજપીપળા : ગુજરાત રાજ્યમાં ભાજપ શાસનમાં ભરતી કૌભાંડ, પરીક્ષા કૌભાંડ,બેન્ક કૌભાંડ, કે ગામે ગામ ચાલતા વિકાસના કામોમાં કૌભાંડ, આમ રાજ્યમાંસ્ટાચાર ખદબદી રહ્યો છે, જે બાબતને સી.એમ વિજય રૂપાણી એ પણ કબુલ્યું છે આવા આક્ષેપો અને ભાજપ વિરોધી સૂત્રોચ્ચાર કરી કોંગ્રેસ દ્વારા રાજપીપળાના ગાંધી ચોક ખાતે ધરણા કરી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું અને ાજ્યના ષ્ફિળ ગયેલા મુખ્યમંત્રી વિજય રૂપાણી રાજીનામુ આપે તેવી માંગ કરી છે ત્યારે રાજ્યમાં ફરી રાજકારણ ગરમાયુ છે અને કોંગ્રેસ પાસે લોકસભા પહેલા એક નવો મુદ્દો હાથ લાગ્યો છે. જોકે કોંગ્રેસ આ બાબતે ઉગ્ર આંદલન કરવાની ચીમકી આપી તેમના આ કૌભાંડમાં પ્રજા પિસાઇ રહી છે મોંઘવારીનો માર ઝીલી રહીછે તેમ કહી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. કોંગ્રેસના ધરણા પ્રદર્શનમાં નાંદોદ ધારાસભ્ય પી.ડી.વસાવા, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હરેન્દ્ર વાળંદ, કાર્યકારી પ્રમુખ નિકુંજ પટેલ,પાલિકા પૂર્વ પ્રમુખ ભરત વસાવા, પ્રદેશ માઈનોરિટી ડિપાર્ટમેન્ટના ઝોન અધ્યક્ષ ઈમ્તિયાઝ કાદરી, તિલકવાડા પંચાયત પ્રમુખ કપૂર ભીલ, પ્રકાશ વસાવા, જીગ્નેશ કોન્ટ્રાક્ટર સહીતના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ બાબતે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હરેન્દ્ર વાળંદે જણાવ્યું હતું કે રાજ્યમાં જ્યારથી ભાજપ સરકાર છે ત્યારેથી ભ્રસ્ટાચાર ખુબ વધી રહ્યો છે અને લોકો ત્રસ્ત છે શિક્ષિત બેરોજગારો, નોકરિયાત વર્ગ પણ ત્રસ્ત છે, ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા છે, ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે. ત્યારે આ સરકારમાં ભ્રસ્ટાચાર ખુબ વધી ગયો છે માટે મુખ્યમંત્રીએ રાજીનામુ આપી દેવું જોઈએ.

તા.૯'મીએ સુરતમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન

અડાજણમાં દેશ-વિદેશના ૭૭ પતંગબાજો અવનવા કરતબો બતાવશે

સુરત

સુરતની ઉત્સવપ્રિય જનતા અને પતંગ રસિયાઓ માટે દર વર્ષની જેમ આ વર્ષે સૂરતના આંગણે તા.૯મી જાન્યુઆરીના રોજ અડાજણના સરિતા સાગર સંકુલ ગ્રાઉન્ડ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દેશવિદેશના ૭૭ બાહોશ પતંગબાજો અવનવી અને રંગબેરંગી પતંગો ઉડાવી આકાશને રંગબેરંગી બનાવી દેશે. પતંગ મહોત્સવને સુરતની જનતા પણ માણી શકે તે હેતુથી સુચારૂ આયોજન અર્થે કલેકટર કચેરીમાં સિટી પ્રાંત અધિકારીશ્રી પી.આર. જાનીના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. બેઠકમાં શ્રી પી.આર.જાનીએ જણાવ્યું હતું કે, સુરતમાં આગામી ૯મીએ ૩૦ દેશોના ૪૭ અને ભારતના વિવિધ રાજ્યોના ૩૦ પતંગબાજો પોતાના અવનવા કરતબો દર્શાવી સુરતીઓનું મનોરંજન કરશે. વિદેશી પતંગબાજો આપણા ભાતીગળ સાંસ્કૃતિક વારસાથી પરિચિત થાય તેમજ તેમનું ભવ્ય સ્વાગત ભારતીય આતિથ્યભાવની પરંપરાથી થાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. બેઠકમાં વિવિધ શાળાઓના બાળકો, દિવ્યાંગોને તલના લાડુ, ચીકી અને પતંગનું વિતરણ, સાંસ્કૃતિક કાર્યક્રમ, સ્ટોલ, બેઠક વ્યવસ્થા, સ્ટેજ, આમંત્રણ પત્રિકા સહિતની વ્યવસ્થાઓ સુપેરે પાર પડે તે માટે સંબંધિત વિભાગોને સંકલનમાં રહી આયોજન કરવા જણાવ્યું હતું. બેઠકમાં પ્રવાસન વિભાગના ટુરિસ્ટ ઓફિસરશ્રી દિનેશભાઈ પટેલ, પોલિસ વિભાગ, મહાનગરપાલિકા, ડી,જી,વી,સી,એલ. સહિત સંબંધિત વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પારસી યુવતીને પ્રેમજાળમાં ફસાવી લગ્નબાદ મુસ્લિમ યુવકનો ત્રાસ

પરિણીતાને અસહ્ય ત્રાસ અપાતા પોલીસ ફરિયાદ

સુરત

પારસી યુવતીને પ્રેમજાળમાં ફસાવી મુસ્લિમ ધર્મ અપનાવી લગ્ન કર્યા બાદ મુસ્લિમ પતિએ શારીરિક માનસિક ત્રાસ ગુજારવાનું શરૂ કર્યું હતું. તેમજ માસિક ધર્મ સમયે પણ શારીરિક સંબંધ મરજી વિરુદ્ધ બાંધી વારંવાર જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતી હતી. મુસ્લિમ પતિના ત્રાસથી પારસી યુવતીએ કંટાળી જઈ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

મહિલા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ રાંદેર કોઝવે રોડ હસીન મંઝિલમાં રહેતો જાવેદ ઈકબાલ હમદ ઝેરીવારએ ફરિયાદી પારસી યુવતીને પ્રેમજાળમાં ફસાવી હતી અને આ યુવતીને મુસ્લિમ ધર્મ અપનાવવા દબાણ કરી લગ્ન કર્યા હતા. લગ્નના એક માસ બાદ આરોપી ફરિયાદને મારઝૂડ કરી દીકરીને પણ માર મારતો હતો. તેમજ ફરિયાદી માસિક સમયમાં પણ બળજબરી સંબંધ બાંધી ત્રાસ ગુજારી વારંવાર જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો. મહિલા પોલીસે પીડિતાની ફરિયાદ નોંધી હે.કો. આશાબેન મહેશભાઈએ તપાસ હાથ ધરી છે.

ધોળે દહાડે ચોરીને અંજામ આપતી ત્રિપુટી ઝડપાઈ

વાપી-વલસાડ-પારડી

વાપીમાં બેફામ બનેલા તસ્કરોને ઝેર કરવા પોલીસે કમર કસી છે. ત્યાં પોલીસના હાથ એક એવી ચોર ત્રીપુટી ઝડપાઈ છે જે ધોળે દહાડે ચોરીને અંજામ આપતી હતી.

મળતી માહિતી પ્રમાણે વાપી જીઆઈડીસી પોલીસના સકંજામાં એક ચોર ટોળકી આવી છે. આ ટોળકીએ વલસાડ, વાપી અને પારડી સહિતના શહેરોમાં તરખાટ મચાવ્યો હતો. આ ત્રિપુટીએ એક પછી એક અનેક ચોરીઓ કરીને આ શહેરોમાં હંગામો મચાવી દીધો હતો. ચોરી કરીને પોલીસ સહિત સ્થાનિક લોકોના નાકમાં દમ લાવી દીધો હતો. નવાઈની વાત તો એ છેકે આ ટોળકી રાતના અંધારામાં નહીં પરંતુ દોળે દહાડે ચોરીને અંજામ આપતી હતી.

પોલીસ સુત્રોના જણાવ્યા પ્રમાણે આ ટોળકીનો એક સભ્ય સોસાયટીઓમાં ફરી કરીને રેકી કરતો હતો. બંધ મકાન શોધી તેને નિશાન બનાવવામાં આવતું હતું. ત્યારબાદ તક મળતા તાળુ તોડી ઘરમાં પ્રવેશ કરી આપતા ચોરને અંજામ આપતા હતા. પરંતુ આ ચોરોનો ખેલ ત્યારે બગડ્યો જ્યારે વાપી એલસીબી પોલીસને તેમની બાતમી મળી હતી. વાપી પોલીસે વોચ ગોઠવીને આ કુખ્યાત ત્રીપૂટીને પકડી પાડી હતી.

મળતી માહિતી પ્રમાણે કાર લઈ ચોરી કરવા નિકળતી આ ટોળકીએ પોલીસ સમક્ષ ચોરીના છ ગુનાની કબૂલાત કરી છે. પોલીસની વધુ પૂછપરછમાં ચોરીની અન્ય ઘટનાઓ પરથી પણ પડદો ઉચકાય તેવી શક્યતા નકારી શકાય નહી.

સચીન પોલીસે કછોલીમાંથી ૧૦ જુગારીઓને પકડી પાડ્યા

સુરત

સચીન પોલીસે કછોલી આકાશ પોલ્ટ્રી ફાર્મ બ્લોક નં.૨૩૭ ખાતે આવેલ એક મકાનમાં દરોડા પાડી જુગાર રમતા ૧૦ જણાંની ધરપકડ કરી હતી. સચીન પોલીસે ૧૦ મોબાઈલ ફોન, ત્રણ કાર, રોકડા રૂપિયા મળી કુલ રૂા.૧૮,૮૮,૩૧૦નો મુદ્દામાલ જમ્ન કર્યો હતો. સચીન પોલીસે જુગાર રમતા અમીત મનસુર ગલમાણી, હનીફ હુસૈન નાથાણી, આશિક બરકત અલી ભાણવડીયા, અજીત અકબર એલચીયા, નિઝારક સદરૂદ્દીન નાથાણી, ઉમેદ મનસુખ ગલમાણી, રાજેશ કરમાલી ભાણવડીયા, હાફીઝ હુસૈન નાથાણી, મુરાદ અમીર નાની, ગુલામ અલી ગુલામ હુસૈનની સામે જુગારધારા અન્વયે કાર્યવાહી કરી હતી.













